વાદ-વિવાદ માટે ન્યાયક્ષેત્ર અમદાવાદ રહેશે
દર ગુરૂવારે અમદાવાદથી પ્રસિદ્ધ થતું નીડર અને નિષ્પક્ષ સાપ્તાહિક
॥ જય અંબે ॥
PRGI No : GUGUJ/26/A7414
www.crimereportnews.info

# કેપીટલ રિપોર્ટ્સ

સાપ્તાહિક
EDITOR : SATHWARA HITESH HELP LINE NO. : 9624404095 CAPITAL REPORTS (GUJARATI WEEKLY)
YEAR : 1 ★ Issue No. : 05 ★ DATE : 01-10-2026, Thursday ★ PAGE : 4 ★ PRICE : 4/- ★ Email : Mali:- hitu25989@gmail.com
PLACE OF PUBLICATION : 99, MAHADEV VAS-2, NEAR SHARK MARKET, NAVA BADAJ, NARANPURA BISTAR, AHMEDABAD, GUJARAT-380013.

### દિવાળીના ફટાકડા પર સુપ્રીમ કોર્ટનો મોટો નિર્ણય

## ફટાકડા પર સંપૂર્ણ પ્રતિબંધ નહીં, સમય અને પ્રકાર પર નિયંત્રણ: સુપ્રિમ કોર્ટ

**સુપ્રીમ કોર્ટે ધાર્મિક પરંપરા, લોકોના સ્વાસ્થ્ય અને પર્યાવરણ વચ્ચે સંતુલન જાળવવા માટે વ્યવહારુ માર્ગ શોધવાની જરૂરિયાત પર ભાર મૂક્યો છે**

નવી દિલ્હી

દિવાળીના તહેવાર પહેલાં ફટાકડાના ઉપયોગને લઈને સુપ્રીમ કોર્ટે મહત્વપૂર્ણ ટિપ્પણી કરી છે. ન્યાયાલયે સ્પષ્ટ કર્યું છે કે દેશમાં ફટાકડા પર સંપૂર્ણ પ્રતિબંધ લાદવામાં આવશે નહીં, પરંતુ તેનો અર્થ એવો પણ નથી કે લોકો ૨૪ કલાક ફટાકડા ફોડી શકે. સુપ્રીમ કોર્ટે ધાર્મિક પરંપરા, લોકોના સ્વાસ્થ્ય અને પર્યાવરણ વચ્ચે સંતુલન જાળવવા માટે વ્યવહારુ માર્ગ શોધવાની જરૂરિયાત પર ભાર મૂક્યો છે.

સુનાવણી દરમિયાન જસ્ટિસ એમ.એમ. સુંદરેશે જણાવ્યું હતું કે દેશભરમાં ફટાકડા પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવાથી લોકોની ધાર્મિક લાગણીઓ પર અસર થઈ શકે છે. બીજી તરફ, ફટાકડાના સતત અને અનિયંત્રિત ઉપયોગથી વાયુ અને ધ્વનિ પ્રદૂષણ વધવાની સાથે બીમાર વ્યક્તિઓ, વૃદ્ધો અને નાના બાળકોના સ્વાસ્થ્ય પર પણ અસર થઈ શકે છે.

કોર્ટે જણાવ્યું કે એવો ઉકેલ શોધવાની જરૂર છે જે તહેવારની પરંપરાને જાળવી રાખે અને જાહેર આરોગ્ય સાથે પણ સમાધાન ન કરે. આ માટે ફટાકડા ફોડવા માટે ચોક્કસ સમયમર્યાદા નક્કી કરવામાં આવી શકે છે.

સુપ્રીમ કોર્ટે સંકેત આપ્યો છે કે આગામી તબક્કામાં ફટાકડા ફોડવા માટે નિર્ધારિત સમય નક્કી કરવામાં આવી શકે છે. એટલે કે દિવાળીના દિવસે કોઈપણ સમયે અથવા આખી રાત ફટાકડા ફોડવાની મંજૂરી આપવાને બદલે નિયંત્રિત સમયગાળો નક્કી થઈ શકે છે. આ ઉપરાંત કયા પ્રકારના ફટાકડાનો ઉપયોગ કરી શકાશે અને કયા પ્રકારના ફટાકડાઓ પર પ્રતિબંધ અથવા નિયંત્રણ રહેશે તેની પણ સ્પષ્ટતા કરવામાં આવી




શકે છે. તેનો મુખ્ય હેતુ ફટાકડાથી થતા પ્રદૂષણને મર્યાદિત કરવાનો છે.

કોર્ટે સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડ (CPCB) અને કેન્દ્ર સરકારને ફટાકડાના વધુ પરીક્ષણો કરવા માટે સમય આપ્યો છે. ખાસ કરીને ફટાકડામાં બેરિયમની હાજરી અને તેની માત્રા અંગે તપાસ કરવામાં આવશે.

સાથે જ ફટાકડાના સંયુક્ત ફાયર ટેસ્ટ કરીને તેનાથી ઉત્પન્ન થતા અવાજનું ડેસિબલ સ્તર માપવા માટે પણ સૂચના આપવામાં આવી છે. આ પરીક્ષણોના પરિણામોના આધારે કયા ફટાકડાનો ઉપયોગ મંજૂર કરી શકાય અને કયા ઉત્પાદનો પર નિયંત્રણ જરૂરી છે તે અંગે આગળની કાર્યવાહી થઈ શકે છે. સુપ્રીમ કોર્ટે CPCB અને કેન્દ્ર સરકારને પરીક્ષણોના પરિણામો તથા વિગતવાર અહેવાલ રજૂ કરવા જણાવ્યું છે. આ મામલે આગામી સુનાવણી ૧૫ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ થશે.

દિલ્હી અને આસપાસના વિસ્તારોમાં દિવાળી દરમિયાન વાયુ પ્રદૂષણનો મુદ્દો દર વર્ષે ચર્ચામાં રહે છે. આ સંદર્ભમાં સુપ્રીમ કોર્ટની કાર્યવાહીનો કેન્દ્રબિંદુ ફટાકડાના ઉપયોગ પર સંપૂર્ણ રોક લગાવવાનો નહીં, પરંતુ ધાર્મિક ઉજવણી સાથે જાહેર આરોગ્ય અને પર્યાવરણની ચિંતાઓને કેવી રીતે સંતુલિત કરવી તે રહેશે. આગામી સુનાવણીમાં ફટાકડાના સમય, પ્રકાર અને પરીક્ષણોના પરિણામોને આધારે વધુ સ્પષ્ટતા થવાની શક્યતા છે.

### AMCની રિવ્યુ બેઠકમાં આંકડાનો ગોટાળો

## ૧૦૦ કિલોથી વધુ કચરો પેદા કરતા યુનિટની સંખ્યામાં DMC અને હેલ્થ અધિકારીના અલગ જવાબ

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની રિવ્યૂ મીટિંગમાં કમિશનર સમક્ષ કચરા વ્યવસ્થાપન મુદ્દે અધિકારીઓના આંકડામાં મોટો તફાવત સામે આવ્યો હતો. ૧૦૦ કિલોથી વધુ કચરો પેદા કરતા યુનિટના રજિસ્ટ્રેશનમાં પશ્ચિમ ઝોનના ડેપ્યુટી કમિશનરે ૭૦ હોટલ-રેસ્ટોરન્ટ હોવાનું જણાવ્યું. જ્યારે હેલ્થ વિભાગે આ સંખ્યા ૫૦૦૦ હોવાનું કહેતાં કમિશનરે સ્પષ્ટતા માંગી હતી. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન(છસ્ઝ્ર)ની રિવ્યૂ મીટિંગમાં ૧૦૦ કિલોથી વધુ કચરો પેદા કરતા યુનિટના રજિસ્ટ્રેશનને લઈને અધિકારીઓના આંકડામાં જ મોટો તફાવત સામે આવ્યો હતો. પશ્ચિમ ઝોનના ડેપ્યુટી કમિશનરે અમદાવાદમાં આવા આશરે ૭૦ હોટલ-રેસ્ટોરન્ટ હોવાનું જણાવ્યું હતું. જ્યારે હેલ્થ વિભાગના અધિકારીએ આવા યુનિટની સંખ્યા આશરે ૫ હજાર હોવાનું જણાવતાં કમિશનરે બંને આંકડા અંગે અધિકારીઓ પાસે સ્પષ્ટતા માગી હતી.



**છસ્ઝ્રની રિવ્યુ બેઠકમાં આંકડાનો ગોટાળો**

રિવ્યૂ દરમિયાન ૧૦૦ કિલોથી વધુ કચરો પેદા કરતા યુનિટના રજિસ્ટ્રેશન અંગે ચર્ચા થઈ હતી. આ દરમિયાન પશ્ચિમ ઝોનના ડેપ્યુટી કમિશનરે આવા ૭૦ હોટલ-રેસ્ટોરન્ટ હોવાનું જણાવ્યું હતું. જોકે, આ જ મુદ્દે હેલ્થ વિભાગના અધિકારીએ સંખ્યા આશરે ૫ હજાર હોવાનું જણાવતાં મીટિંગમાં જ બંને આંકડા વચ્ચે મોટો તફાવત સામે આવ્યો હતો. એક તરફ ૭૦ અને બીજી તરફ ૫ હજારનો આંકડો આવતા રિવ્યૂ મીટિંગમાં અધિકારીઓ પાસે ડેટાની ચોકસાઈ અંગે સવાલો થયા હતા.

**કમિશનરે વિગતો ચકાસવા કહ્યું**

આંકડામાં તફાવત સામે આવ્યા બાદ કમિશનરે અધિકારીઓને યોગ્ય વિગતો ચકાસીને રજૂ કરવા અંગે ટકોર કરી હતી. ૧૦૦ કિલોથી વધુ કચરો પેદા કરતા યુનિટના રજિસ્ટ્રેશન અને તેની કામગીરી અંગે કોર્પોરેશન પાસે એકસરખો અને ચોક્કસ ડેટા હોવો જરૂરી છે ત્યારે બે અલગ આંકડા સામે આવતા અધિકારીઓને સ્પષ્ટતા કરવાની ફરજ પડી હતી.

**પશ્ચિમ ઝોનના અન્ય મુદ્દે પણ સવાલો**

રિવ્યૂ મીટિંગમાં માત્ર કચરાના આંકડાનો મુદ્દો જ નહીં, પરંતુ પશ્ચિમ ઝોનની અન્ય કામગીરી અંગે પણ કમિશનરે સવાલો કર્યા હતા. પબ્લિક ટોયલેટની સંખ્યા, તેની સફાઈ અને રિપેરિંગ કરતી એજન્સીઓ તેમજ કેટલા વિસ્તારમાં કેટલા ટોયલેટ હોવા જોઈએ તે અંગે પણ વિગતો માગવામાં આવી હતી. આ મામલે સર્વે કરીને રિપોર્ટ રજૂ કરવા સૂચના આપવામાં આવી હતી. સફાઈ કર્મચારીઓની લાંબી ગેરહાજરી અંગે પણ કાર્યવાહી ઝડપી બનાવવા જણાવાયું હતું. બીજી તરફ દબાણ સામેની કામગીરીમાં પેનલ્ટીની રકમ ઓછી હોવા અંગે તેમજ ૧૫ કિમીના ટીપી રોડ ખોલવાના ટાર્ગેટ સામે માત્ર ૫૦૦ મીટર કામગીરી થઈ હોવા અંગે પણ ટકોર કરવામાં આવી હતી. રિવ્યૂ દરમિયાન પાર્કિંગ ફીના નવા સ્ટાન્ડર્ડ, વોટર લોગિંગના સ્પોટ, જીઆઈએસ મેપિંગ વગર પેમેન્ટ નહીં કરવા તેમજ પ્રદૂષિત પાણીના આઉટફ્લો જેવા મુદ્દાઓની પણ ચર્ચા થઈ હતી.

## અમદાવાદ શહેરમાં બદલાતી ઋતુમાં મચ્છરજન્ય રોગચાળો વકર્યો



અમદાવાદમાં બદલાતી ઋતુમાં મચ્છરજન્ય અને વાયરલ બીમારીઓએ માથું ઊંચક્યું છે. અસારવા અને સોલા સિવિલ હૉસ્પિટલમાં દર્દીઓનો ભારે ધસારો જોવા મળ્યો છે. અસારવા સિવિલમાં સપ્ટેમ્બરમાં ડેન્ગ્યુના ૩૧૫ કેસ નોંધાયા, જે ઑગસ્ટ કરતાં ત્રણ ગણા વધુ છે. સોલા સિવિલમાં એક જ સપ્તાહમાં **15,986 OPD** નોંધાઈ, જેમાં ડેન્ગ્યુના ૧૬૯ કેસ છે. આરોગ્ય તંત્ર ઍલર્ટ બન્યું છે.અમદાવાદમાં મચ્છરજન્ય રોગચાળો વકર્યો: સિવિલ અને સોલા સિવિલ દર્દીઓથી ઉભરાઈ, ડેન્ગ્યુના કેસોમાં ભારે ઉછાળો. ગુજરાતમાં બદલાતી ઋતુ વચ્ચે અમદાવાદમાં મચ્છરજન્ય તેમજ વાયરલ બીમારીઓએ માથું ઊંચક્યું છે. અમદાવાદ શહેરની બે મુખ્ય સરકારી હૉસ્પિટલો—અસારવા સિવિલ હૉસ્પિટલ અને સોલા સિવિલ હૉસ્પિટલમાં દર્દીઓનો ભારે ધસારો જોવા મળી રહ્યો છે. ખાસ કરીને ડેન્ગ્યુના કેસોમાં છેલ્લા ૨ મહિનાથી સતત વધારો થઈ રહ્યો હોવાથી આરોગ્ય તંત્ર એલર્ટ બન્યું છે.

અમદાવાદ સિવિલ હૉસ્પિટલના સુપ્રિન્ટેન્ડેન્ટે વિગતો આપતાં જણાવ્યું કે, ઓગસ્ટ મહિનામાં સિવિલ હૉસ્પિટલમાં ડેન્ગ્યુના ૯૪ કેસ નોંધાયા હતા, જ્યારે ચાલુ સપ્ટેમ્બર મહિનામાં અત્યાર સુધી આ આંકડો ૩૧૫ પર પહોંચી ગયો છે. ૩૦૦થી વધુ દર્દીઓ હાલ હૉસ્પિટલમાં ડેન્ગ્યુની સારવાર લઈ ચૂક્યા છે. **OPD** અને ઈન્ડોર દર્દીઓ: છેલ્લા ૧ અઠવાડિયામાં જ સિવિલની **OPD**માં ૨૯,૦૦૦ થી વધુ લોકો સારવાર માટે પહોંચ્યા છે, જ્યારે ૨,૪૦૦થી વધુ ગંભીર દર્દીઓને દાખલ કરવામાં આવ્યા છે. ડૉક્ટરની સલાહ: દર્દીને અતિશય ઊંચો તાવ આવવો, શરીરમાં અશક્તિ/નબળાઈ લાગવી અને દવા છતાં તાવ ન ઊતરવો એ ડેન્ગ્યુના મુખ્ય લક્ષણો છે. આવા લક્ષણો દેખાતાં જ જાતે દવા લેવાને બદલે તાત્કાલિક ડૉક્ટરની સલાહ લઈને લેબોરેટરી ટેસ્ટ કરાવવા અપીલ કરવામાં આવી છે. સોલા સિવિલ હૉસ્પિટલના **ARMO**એ હૉસ્પિટલની સ્થિતિ અંગે જણાવ્યું કે, બદલાતા હવામાનને પગલે માત્ર ૧ જ સપ્તાહમાં સોલા સિવિલની **OPD**માં ૧૫,૯૮૬ દર્દીઓ નોંધાયા છે. સામાન્ય તાવ, શરદી અને ઉધરસના કેસોમાં પણ ધરખમ વધારો થયો છે.

## અમદાવાદના વેજલપુરમા ડ્રાઈવરનો ફોન અચાનક હેંગ થઈ બંધ થયો, ચાલુ થતાં જ ખાતામાંથી રૂ.૫૬ હજાર ઉપડી ગયા

અમદાવાદના વેજલપુરમાં ડ્રાઈવિંગ કરતા હર્ષિત બારૈયાનો મોબાઈલ ફોન અજાણ્યા શખસે હેક કરી લીધો હતો. ૯ માર્ચ ૨૦૨૬ના રોજ નોકરી દરમિયાન ફોન અચાનક હેંગ થઈ બંધ થયો અને ફરી ચાલુ થતાં જ તેમના બેંક ઓફ બરોડાના ખાતામાંથી રૂ.૫૬ હજાર ઉપડી ગયાનો મેસેજ મળ્યો. વેજલપુર પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. અમદાવાદના વેજલપુરમાં રહેતા અને ડ્રાઈવિંગ કરતા આધેડનો મોબાઈલ ફોન અજાણ્યા શખસે હેક કરી તેમના બેંક ખાતામાંથી રૂ.૫૬ હજાર સેરવી લીધા હતા. ગત ૯ માર્ચ ૨૦૨૬ના રોજ નોકરી દરમિયાન તેમનો ફોન અચાનક હેંગ થઈ બંધ થઈ ગયો હતો અને ફરી શરૂ કરતાં જ ખાતામાંથી નાણાં ઉપડી ગયા હોવાનો મેસેજ મળ્યો હતો. હાલ આ મામલે વેજલપુર પોલીસે ગુનો નોંધી તપાસ શરૂકરી છે. વેજલપુરના ડ્રાઈવરનો ફોન અચાનક હેંગ થઈ બંધ થયો, ચાલુ થતાં જ ખાતામાંથી રૂ.૫૬ હજાર ઉપડી ગયા અત્રે ઉલ્લેખનીય છે કે, સાયબર ગઠિયાઓ હવે ટાર્ગેટના ફોનમાં કોઈ અજાણી લિંક, માલવેર કે રિમોટ એક્સેસ ટ્રોજન(ઇછ્) દાખલ કરીને ડિવાઇસને સંપૂર્ણ હેંગ કરી દે છે. આ દરમિયાન યુઝર કશું સમજે કે સ્ક્રીન ઓપરેટ કરે તે પહેલાં જ ઓટીપી બાયપાસ કરી બેંકિંગ એપ્લિકેશન કે યુપીઆઈ મારફતે નાણાં અન્ય એકાઉન્ટમાં ટ્રાન્સફર કરી લેવામાં આવે છે.

વેજલપુરની અક્ષયકુંજ મીરા નગર સોસાયટીમાં રહેતા ૪૧ વર્ષીય હર્ષિત બારૈયા ડ્રાઈવિંગ વ્યવસાય સાથે સંકળાયેલા છે. તેઓનું બેંક ઓફ બરોડાની આનંદનગર બ્રાન્ચમાં એકાઉન્ટ આવેલું છે. ગત ૯ માર્ચ ૨૦૨૬ના રોજ સાંજે પોણા સાત વાગ્યાના સુમારે તેઓ શિલજ ખાતે નોકરી પર હતા. તે દરમિયાન તેમના મોબાઈલ ફોનમાં જીઓનું સિમકાર્ડ ચાલુ હતું. દરમિયાન તેમનો ફોન અચાનક હેંગ થવા લાગ્યો હતો અને સ્વિચ ઓફ થઈ ગયો હતો.

ફોન રી-સ્ટાર્ટ કરતાં જ બેંક ઓફ બરોડાના ખાતામાંથી રૂ.૫૬ હજાર ઉપડી ગયાનો મેસેજ આવ્યો હતો. આ ટ્રાન્ઝેક્શન પોતે કર્યું ન હોવાથી તેમણે તુરંત સાયબર હેલ્પલાઇન પર સંપર્ક કરી ફરિયાદ નોંધાવી હતી, જે સંદર્ભે તેમને એકનોલેજમેન્ટ નંબર મળ્યો હતો. જોકે લાંબા સમય સુધી નાણાં હોલ્ડ કે પરત ન આવતાં તેઓએ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે પહોંચી આ મામલે ફરિયાદ નોંધાવી છે.

## અસારવા સ્ટેશન પર પ્લેટફોર્મની કામગીરીને પગલે ૧ મહિનાનો ટ્રાફિક બ્લોક: મેમૂ ટ્રેન રદ, ઈન્દોર એક્સપ્રેસ હવે નરોડા સુધી જ દોડશે

પશ્ચિમ રેલવેના અમદાવાદ ડિવિઝન હેઠળ અસારવા રેલવે સ્ટેશન પર ૧ થી ૩૦ ઓક્ટોબર દરમિયાન પ્લેટફોર્મ વોલના નિર્માણ કાર્યને કારણે ટ્રાફિક બ્લોક લેવાયો છે. ૬૯૨૪૫ અને ૬૯૨૪૬ મેમૂ ટ્રેનો રદ કરાઈ છે. ૧૯૩૧૫ ઈન્દોર-અસારવા વીર ભૂમિ એક્સપ્રેસ ૩૦ સપ્ટેમ્બરથી ૨૯ ઓક્ટોબર સુધી નરોડામાં શોર્ટ ટર્મિનેટ થશે, જ્યારે



૧૯૩૧૬ અસારવા-ઈન્દોર એક્સપ્રેસ ૧ થી ૩૦ ઓક્ટોબર દરમિયાન નરોડાથી ઉપડશે. ૦૯૪૦૬ ખેડબ્રહ્મા-અસારવા સ્પેશિયલ ૧ ઓક્ટોબરે નરોડામાં શોર્ટ ટર્મિનેટ થશે.

પશ્ચિમ રેલવેના અમદાવાદ ડિવિઝન હેઠળ આવેલા અસારવા રેલવે સ્ટેશન પર દીવાલની કામગીરી શરૂ કરવામાં આવનાર છે. જેમાં અસારવા સ્ટેશનના પ્લેટફોર્મ નંબર ૩ પર પ્લેટફોર્મ વોલના નિર્માણ કાર્યને પગલે ૧ ઓક્ટોબરથી ૩૦ ઓક્ટોબર સુધી ટ્રાફિક બ્લોક લેવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. જેના કારણે અસારવા તરફ આવતી-જતી કેટલીક ટ્રેનોના સંચાલનમાં ફેરફાર કરાયો છે, જેમાં મેમૂ ટ્રેન સંપૂર્ણ રદ અને કેટલીક ટ્રેનોને શોર્ટ ટર્મિનેટ/ઓરિજિનેટ કરવામાં આવી છે.

**સંપૂર્ણપણે રદ કરાયેલી ટ્રેનો**

ટ્રેન નં. ૬૯૨૪૫ (અસારવા—હિંમતનગર મેમૂ): ૧ ઓક્ટોબરથી ૩૦ ઓક્ટોબર સુધી સંપૂર્ણ રદ રહેશે. ટ્રેન નં. ૬૯૨૪૬ (હિંમતનગર—અસારવા મેમૂ): ૨ ઓક્ટોબરથી ૩૧ ઓક્ટોબર સુધી સંપૂર્ણ રદ રહેશે.

**શોર્ટ ટર્મિનેટ અને નરોડાથી ઉપડનારી ટ્રેનો**

ટ્રેન નં. ૧૯૩૧૫ (ઈન્દોર—અસારવા વીર ભૂમિ એક્સપ્રેસ): ૩૦ સપ્ટેમ્બરથી ૨૯ ઓક્ટોબર દરમિયાન અસારવા સુધી જવાને બદલે નરોડા સ્ટેશન પર જ યાત્રા પૂર્ણ (શોર્ટ ટર્મિનેટ) કરશે.

ટ્રેન નં. ૧૯૩૧૬ (અસારવા—ઈન્દોર વીર ભૂમિ એક્સપ્રેસ): ૧ ઓક્ટોબરથી ૩૦ ઓક્ટોબર દરમિયાન અસારવાને બદલે નરોડા સ્ટેશનથી ઉપડશે.

ટ્રેન નં. ૦૯૪૦૬ (ખેડબ્રહ્મા—અસારવા ભાદરવી પૂનમ સ્પેશિયલ): ૧ ઓક્ટોબરના રોજ અસારવાના બદલે નરોડા સ્ટેશન પર જ શોર્ટ ટર્મિનેટ કરવામાં આવશે.

### પોલીસ સ્ટેશનથી ૫૦૦ મીટર દૂર જ ચાલતી હતી ફટાકડાની દુકાનો !

## કાલુપુરમાં ૩૦ દુકાન સીલ, ૩ દિવસનું અલ્ટીમેટમ

અમદાવાદના કાલુપુર વિસ્તારમાં એસ્ટેટ વિભાગે આશરે ૩૦ ફટાકડાની દુકાનો સીલ કરી છે. વસ્ત્રાલ બ્લાસ્ટ બાદ પણ ગેરકાયદેસર ધમધમતી આ દુકાનો સામે કાર્યવાહી કરાઈ. દુકાનદારોને મેં, ફાયર, પોલીસ અને એક્સપ્લોઝિવ સંબંધિત પરવાનગીના પુરાવા ૩ દિવસમાં રજૂ કરવા નોટિસ અપાઈ છે. પુરાવા રજૂ ન થાય તો દુકાનો બંધ રહેશે.

અમદાવાદના વસ્ત્રાલ ગામમાં ફટાકડાની ફેક્ટરીમાં બ્લાસ્ટની ઘટના બાદ ફાયર અને એસ્ટેટ વિભાગે શહેરમાં ફટાકડાની દુકાનો, ગોડાઉન અને ફેક્ટરીઓ સામે સીલિંગ સહિતની કાર્યવાહી કરી હતી. જોકે, સમય જતાં ફરીથી શહેરના કેટલાક વિસ્તારોમાં ફટાકડાની દુકાનો ધમધમતી જોવા મળી રહી છે. આવી સ્થિતિ વચ્ચે મધ્ય ઝોનના કાલુપુર વિસ્તારમાં કોર્પોરેશનના એસ્ટેટ વિભાગે આશરે ૩૦ ફટાકડાની દુકાનો સીલ કરી છે.

કાલુપુર દરવાજાથી કાલુપુર ટાવર તરફ જતા રોડ પર ફટાકડાની દુકાનો ચાલી રહી હોવાની માહિતી મળ્યા બાદ આ કાર્યવાહી કરવામાં આવી હોવાનું કોર્પોરેશનના અધિકારીઓએ જણાવ્યું છે. સીલ




કરાયેલી દુકાનોના સંચાલકોને BU, ફાયર, પોલીસ તેમજ એક્સપ્લોઝિવ સંબંધિત જરૂરી પરવાનગીઓના પુરાવા ત્રણ દિવસમાં રજૂ કરવા માટે નોટિસ આપવામાં આવી છે.

કાલુપુર દરવાજાથી કાલુપુર ટાવર તરફના રોડ પર ફટાકડાની દુકાનો ચાલી રહી હોવાની માહિતી મળી હતી. તેના આધારે આશરે ૩૦ દુકાનો સીલ કરવામાં આવી છે. દુકાનદારોને ત્રણ દિવસમાં જરૂરી પુરાવા રજૂ કરવા જણાવાયું છે. જો દુકાનદારો ફટાકડાનો વેપાર કરતા ન હોય અને અન્ય કોઈ વેપાર કરતા હોય તો જરૂરી પ્રક્રિયા બાદ દુકાનો ખોલી આપવામાં આવશે. વસ્ત્રાલની ઘટનાના પગલે અગાઉ શહેરના વિવિધ વિસ્તારોમાં ફટાકડાની દુકાનો, ગોડાઉન અને ફેક્ટરીઓની ચકાસણી કરી કાર્યવાહી કરવામાં આવી હતી. જોકે, કાલુપુરમાં ફરી ફટાકડાની દુકાનો શરૂ થઈ હોવાની માહિતી મળ્યા બાદ સીલિંગની કાર્યવાહી કરવામાં આવી છે. જે બાદ સવાલ એ ઊભો થાય છે કે, અગાઉની કાર્યવાહી બાદ આવી દુકાનોની નિયમિત ચકાસણી કરવામાં આવી રહી હતી કે નહીં?, ફરીથી ફટાકડાનો વેપાર શરૂ થયો હોવાની જાણકારી વિભાગને ક્યારે થઈ? કાલુપુરનો આ વિસ્તાર શહેરના સૌથી વધુ ભીડભાડવાળા વિસ્તારો પૈકીનો છે. કાલુપુર દરવાજાથી ટાવર તરફના રોડ પર દિવસ દરમિયાન મોટી સંખ્યામાં લોકોની અવરજવર રહે છે. આવા ભરચક વિસ્તારમાં ફટાકડાનો વેપાર થતો હોવાથી કોઈ દુર્ઘટના સર્જાય તો જાનમાલના નુકસાનનું જોખમ ઊભું થઈ શકે છે.

## તંત્રીલેખ...

### દીકરી ભાર નથી, પરિવાર અને દેશનું ગૌરવ છે

દીકરી જ્યારે જન્મે છે ત્યારે કેટલાક ઘરોમાં આજે પણ ખુશી કરતાં ચિંતા વધારે જોવા મળે છે. પરંતુ સવાલ એ છે કે દીકરીને ભાર માનવાની માનસિકતા આપણે ક્યારે બદલીશું?

દીકરી માત્ર ઘરની લાડકી નથી; તે ભવિષ્યની માતા, શિક્ષિકા, ડૉક્ટર, અધિકારી, ઉદ્યોગસાહસિક અને દેશની શક્તિ બની શકે છે. તેને તક મળે તો તે પોતાના પરિવારનું જ નહીં, પરંતુ સમગ્ર સમાજનું નામ રોશન કરી શકે છે.

દીકરીના શિક્ષણ પાછળ ખર્ચ નહીં, ભવિષ્યમાં કરેલું રોકાણ છે. તેને સુરક્ષા, સન્માન અને સમાન તક આપવી એ માત્ર માતા-પિતાની નહીં, સમગ્ર સમાજની જવાબદારી છે.

આજના સમયમાં દીકરીઓ દરેક ક્ષેત્રમાં પોતાની પ્રતિભા સાબિત કરી રહી છે. છતાં બાળવિવાહ, દહેજ, ભેદભાવ, છેડતી અને મહિલાઓની અસુરક્ષા જેવા પ્રશ્નો હજુ પણ સમાજ સામે પડકાર બનીને ઊભા છે.

દીકરીને જન્મ આપતાં ડરશો નહીં, તેને સપના જોવાની તક આપો.

તેને રોકશો નહીં, આગળ વધવા માટે પાંખો આપો.

એક સળગતો સવાલઃ

“જો દીકરીને આપણે જન્મથી જ સમાન હક નહીં આપીએ, તો સમાનતાની વાત માત્ર ભાષણોમાં જ કેમ?”

આવો, દીકરીને બચાવીએ, ભણાવીએ અને તેને આત્મનિર્ભર બનાવીએ.

“દીકરી છે તો આવતીકાલ છે.”

# અમદાવાદમાં શુદ્ધ ઘીના નામે મોટો ખેલ : ૧૧માંથી ૫ સેમ્પલ સબસ્ટાન્ડર્ડ જાહેર : ૩,૧૪૨ કિલો જથ્થો અટકાવાયો

અમદાવાદમાં શુદ્ધ ઘીના નામે વેચાતા ભેળસેળયુક્ત ઘીનો પર્દાફાશ થયો છે. માધુપુરામાંથી લેવાયેલા ૧૧ સેમ્પલમાંથી ૫ સબસ્ટાન્ડર્ડ નીકળ્યા, જેમાં વેજીટેબલ ફેટ મળી. ફૂડ વિભાગે ૧૨.૯૩ લાખ રૂપિયાનો ૩,૧૪૨ કિલો ઘીનો જથ્થો જપ્ત કર્યો. ઘોડાસરના અરિહંત માર્કેટિંગને સીલ કરાયું. નાગરિકોને સાવચેતી રાખવા અને લેબ રિપોર્ટ તપાસીને ઘી ખરીદવા અપીલ કરાઈ છે. અમદાવાદમાં શુદ્ધ ઘીના નામે વેચાતા ઘીની ગુણવત્તા અંગે કોર્પોરેશનના ફૂડ વિભાગની તપાસમાં ચોંકાવનારી વિગતો સામે આવી છે. માધુપુરા વિસ્તારમાંથી લેવામાં આવેલા ઘીના કુલ ૧૧ સેમ્પલમાંથી ૫ સેમ્પલ નિર્ધારિત ગુણવત્તાના ધોરણોને અનુરૂપ ન મળતાં સબસ્ટાન્ડર્ડ જાહેર કરવામાં આવ્યા છે. ત્યારબાદ ફૂડ વિભાગે સંબંધિત ડિસ્ટ્રીબ્યુશન યુનિટોની તપાસ હાથ ધરી હતી. આ કાર્યવાહી દરમિયાન ૧૨.૯૩ લાખ રૂપિયાનો ૩,૧૪૨ કિલો ઘીનો જથ્થો વેચાણ માટે સ્થગિત કરવામાં આવ્યો છે. ફૂડ વિભાગની તપાસમાં સબસ્ટાન્ડર્ડ જાહેર થયેલા ઘીના સેમ્પલમાં વેજીટેબલ ફેટ મળી આવી હોવાનું જાણવા મળ્યું છે. આ ઘી બજારમાં આશરે ૬૦૦ રૂપિયા પ્રતિ કિલોના ભાવે વેચાતું હોવાનું પણ જાણવા મળ્યું છે. વધુ તપાસ દરમિયાન ઘીના ડિસ્ટ્રીબ્યુશન યુનિટોની વિગતો મેળવવામાં આવી હતી. તપાસમાં અરિહંત માર્કેટિંગ પાસે FSSAI લાઈસન્સ મેળવ્યા વગર ધંધો કરવામાં આવતો હોવાનું સામે આવ્યું હતું. આથી ફૂડ વિભાગે અરિહંત માર્કેટિંગ સામે સીલિંગની કાર્યવાહી કરી છે. અરિહંત માર્કેટિંગ ઘોડાસર



ખાતેના રાધાકૃષ્ણ કોમ્પ્લેક્સમાં આવેલું છે. અહીંથી કેટી ક્રિષ્ના, ખુશાલી અને પ્રસંગ બ્રાન્ડના ઘીનું વેચાણ થતું હતું. સબસ્ટાન્ડર્ડ સેમ્પલ સામેની તપાસને આગળ વધારતાં કોર્પોરેશનની હદમાં આવેલા સંબંધિત મેન્યુફેક્ચરર્સ અને ડિસ્ટ્રીબ્યુટર્સ સામે પણ કાર્યવાહી કરવામાં આવી છે. આ દરમિયાન ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ એક્ટ હેઠળ ૮ સેમ્પલ લેવામાં આવ્યા છે. ગુજરાતના અન્ય વિસ્તારોમાં મેન્યુફેક્ચરિંગ યુનિટ ધરાવતા પ્રોડક્ટ્સની વિગતો રાજ્ય સરકારને મોકલવામાં આવી હોવાનું ફૂડ વિભાગે જણાવ્યું છે. ફૂડ વિભાગે ઘીના ડિસ્ટ્રીબ્યુટર અને મેન્યુફેક્ચરર્સને વેચાણ અથવા વિતરણ માટે ઉપલબ્ધ દરેક બેચના નંબર મુજબના લેબોરેટરી ટેસ્ટિંગ રિપોર્ટ અથવા વિશ્લેષણ અહેવાલ ઉપલબ્ધ રાખવા સૂચના આપી છે. મોટી માત્રામાં ઘી ખરીદતા કેટરર્સ અને અન્ય ફૂડ બિઝનેસ ઓપરેટર્સને પણ ડિસ્ટ્રીબ્યુટર, રિટેલર અથવા મેન્યુફેક્ચરર પાસેથી ઘી ખરીદતી વખતે સંબંધિત બેચનો લેબોરેટરી રિપોર્ટ મેળવવા તથા ખરીદેલા જથ્થા અને બેચની વિગતોનો યોગ્ય રેકોર્ડ જાળવવા અપીલ કરવામાં આવી છે. ફૂડ વિભાગે નાગરિકોને ઘી ખરીદતી વખતે સાવચેતી રાખવાની અપીલ કરી છે. વિભાગના જણાવ્યા મુજબ, કેટલાક સંજોગોમાં લુઝ ઘીમાં વેજીટેબલ ફેટ અથવા અન્ય પદાર્થની ભેળસેળ કરીને તેને શુદ્ધ ઘી તરીકે વેચવામાં આવતું હોવાની શક્યતા છે. તેથી આવા ઘીની ખરીદી વખતે ગ્રાહકોએ ખાસ તકેદારી રાખવી જોઈએ.

કોર્પોરેશનના ફૂડ વિભાગે જણાવ્યું છે કે, નાગરિકોના જાહેર આરોગ્ય અને ખાદ્ય સુરક્ષાને ધ્યાનમાં રાખીને ભેળસેળ, અસ્વચ્છતા, હલકી ગુણવત્તાના ખાદ્ય પદાર્થો તથા નિયમોના ભંગ સામે આગામી દિવસોમાં પણ સઘન તપાસ અને કાયદેસરની કાર્યવાહી ચાલુ રાખવામાં આવશે. કોર્પોરેશનના ફૂડ વિભાગના અધિકારી તેજસ શાહે જણાવ્યું કે, ૧૦ દિવસ પહેલા માધુપુરા માર્કેટમાંથી લેવાયેલ ઘીના સેમ્પલને તપાસ અર્થે મોકલાતા પાંચ સેમ્પલ નાપાસ જોવા મળ્યા છે. નાપાસ થયેલ સેમ્પલના ત્યાં વપરાશમાં રહેલ ૩,૧૪૨ કિલો ઘીનો જથ્થો સીઝ કરી દેવામાં આવ્યો છે. ૩૦ દિવસ સુધી વેપારી અપીલમાં જઈ શકે ત્યારબાદ એફએસએસઆઇ એક્ટ પ્રમાણે દંડની કાર્યવાહી કરવામાં આવશે.

ભારતીયોમાં ભારે ફફડાટ

# H-1B વિઝાના નિયમો પર ટ્રમ્પની તવાઈ : સીધી હાથકડીની ચેતવણી

## અમેરિકા H-1B વિઝા નિયમો કડક બનાવશે, જેની સીધી અસર હજારો ભારતીય IT પ્રોફેશનલ્સ પર પડશે



વોશિંગ્ટન,

અમેરિકામાં નોકરી કરવાનું સપનું જોતા હજારો ભારતીય IT પ્રોફેશનલ્સ અને એન્જિનિયરો માટે ચિંતાજનક અહેવાલ સામે આવ્યા છે. અમેરિકી સરકાર H-1B વિઝા નિયમોમાં અગાઉથી જ કડક વલણ અપનાવી રહી છે; વિઝા ફીમાં અનેક ગણો વધારો કરવામાં આવ્યો છે અને ઘણા પ્રકારના નિયંત્રણો લાદવામાં આવ્યા છે. હવે ટ્રમ્પ પ્રશાસન H-1B વિઝા નિયમોને વધુ કડક બનાવવા અને સંભવતઃ આ પ્રોગ્રામને કાયમ માટે બંધ કે ધરમૂળથી બદલવાની તૈયારી કરી રહ્યું છે. છેતરપિંડી આચરનારા એમ્પ્લોયર્સ સામે કાનૂની સકંજો કસીને કડક સજા તેમજ "હાથકડી તૈયાર છે"ની ખુલ્લી ચેતવણી પણ આપવામાં આવી છે. અમેરિકી શ્રમ વિભાગના ઈન્સ્પેક્ટર જનરલ એન્થની ડી’એસ્પોસિટોએ એક અમેરિકન કોમેન્ટેટર અને યુટ્યુબરને આપેલા ઈન્ટરવ્યુમાં સ્પષ્ટ સંકેત આપ્યા છે કેઃ વિઝાના નામે ગેરરીતિ આચરનારા અને બોગસ શેલ કંપનીઓ દ્વારા કૌભાંડ ચલાવનારા લોકો વિરુદ્ધ ફોજદારી ગુના નોંધીને ધરપકડ કરવાની તૈયારી ચાલી રહી છે. આગામી ૩૬૫ દિવસની અંદર વિદેશી શ્રમ વિઝા વ્યવસ્થાનું સંપૂર્ણ સ્વરૂપ બદલાઈ જશે. સરકાર H-1B વિઝા પ્રોગ્રામ સાથે જોડાયેલી છેતરપિંડી, કર્મચારીઓનું શોષણ અને હ્યુમન ટ્રાફિકિંગ જેવા અતિ ગંભીર આરોપોની ઊંડાણપૂર્વક તપાસ કરી રહી છે.

H-1B વિઝા પ્રોગ્રામમાં થતા કોઈપણ ફેરફારની સીધી અસર ભારતીયો પર પડે છે. અમેરિકી IT કંપનીઓ, ટેક સેક્ટર અને કોર્પોરેટ જગતમાં કામ કરતા કુલ H-1B વિઝા ધારકોમાંથી ૭૦ ટકાથી વધુ હિસ્સેદારી માત્ર ભારતીય પ્રોફેશનલ્સની છે. જો આ પ્રોગ્રામ બંધ કે અત્યંત મર્યાદિત થાય, તો હજારો ભારતીય ટેક પ્રોફેશનલ્સ, યુએસમાં અભ્યાસ કરતાં ભારતીય વિદ્યાર્થીઓ અને ત્યાં જવાની તૈયારી કરી રહેલા યુવાનોની કરિયરને ભારે ફટકો પડશે. અમેરિકામાં અગાઉથી કાર્યરત ભારતીયો માટે વિઝા રિન્યુઅલ અને ગ્રીન કાર્ડ મેળવવાની પ્રક્રિયામાં નવા મોટા અવરોધો ઊભા થશે.

વિદેશી કર્મચારીઓની ભરતીમાં અનિયમિતતા આચરવા બદલ તપાસ એજન્સીઓએ મોટી કંપનીઓ સામે પણ કાર્યવાહી તેજ કરી છે. ફોજદારી તપાસના કારણે ટેક ક્ષેત્રની અગ્રણી કંપનીઓ કોગ્નિઝન્ટ અને ક્લાઉડેરા સાથે જોડાયેલી નવી H-1B/PERM અરજીઓ હાલ પૂરતી સસ્પેન્ડ કરી દેવામાં આવી છે. યુએસ શ્રમ વિભાગ અનુસાર, તપાસ અધિકારીઓએ ડઝનબંધ સમન્સ પાઠવ્યા છે અને અનેક શંકાસ્પદ સ્થળો પર સર્ચ વોરંટ સાથે દરોડા પાડ્યા છે.

રાજ્ય સરકારનો કડક આદેશ

# સ્વચ્છતામાં બેદરકારી દાખવનાર પાલિકાઓની ગ્રાન્ટ કપાશે

## ગુજરાત રાજ્યની તમામ મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓને કડક અલ્ટીમેટમ પાઠવવામાં આવ્યું છે

અમદાવાદ

ગુજરાતના શહેરોમાં કચરાના ઢગલા, GVP(ગાર્બેજ વલ્નરેબલ પોઈન્ટ્સ) અને જાહેર સ્થળોની ગંદકી હવે માત્ર સ્વચ્છતા પૂરતી મર્યાદિત નથી રહી, પરંતુ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને મળતી સરકારી ગ્રાન્ટ સાથે સીધી રીતે જોડાઈ ગઈ છે. સ્વચ્છ ભારત મિશન અર્બનની ફ્લાઈંગ સ્ક્વોડ દ્વારા સરપ્રાઈઝ સ્પોટ ચેકિંગ દરમિયાન વિવિધ શહેરોમાં ગંદકી અને વ્યવસ્થાની ગંભીર ખામીઓ સામે આવ્યા બાદ નાણા વિભાગ દ્વારા રાજ્યની તમામ મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓને કડક અલ્ટીમેટમ પાઠવવામાં આવ્યું છે.

નાણા વિભાગ દ્વારા રાજ્યની તમામ પાલિકાઓને પાઠવવામાં આવેલા પત્રમાં સ્પષ્ટ ચેતવણી આપવામાં આવી છે કે, જો ફ્લાઈંગ સ્ક્વોડની તપાસમાં સ્વચ્છતા સંબંધિત કોઈ પણ ક્ષતિ કે બેદરકારી જણાશે, તો સરકાર તરફથી ફાળવવામાં આવતી ગ્રાન્ટ રોકી દેવામાં આવશે. એટલે કે, હવે જો સ્વચ્છતા કામગીરીમાં કોઈ ‘ગેપ’ રહી જશે તો તેની સીધી ફટકાર પાલિકાઓના વિકાસ કામો માટે મળતા સરકારી ભંડોળ પર પડશે. ૧૦૦% ડોર-ટુ-ડોર કલેક્શન અને પ્રોસેસિંગઃ શહેરી વિસ્તારોમાં ૧૦૦ ટકા કચરાનું કલેક્શન અને દરરોજ એકત્ર થતા કચરાનું યોગ્ય પ્રોસેસિંગ થાય તે માટે તુરંત વ્યવસ્થા ઊભી કરવા આદેશ કરાયો છે. વિઝિબલ ક્લીનલિનેસ અને GVP મુક્ત શહેરઃ શહેરમાં જાહેર સ્થળો પર કચરો એકત્ર થતો હોય તેવા GVP પોઈન્ટ્સ સંપૂર્ણપણે નાબૂદ કરી ‘વિઝિબલ ક્લીનલિનેસ’ (આંખે ઊડીને વળગે તેવી સ્વચ્છતા) જાળવવી પડશે. લેગેસી વેસ્ટનો નિકાલ અને જમીનનો ઉપયોગઃ વર્ષોથી પડેલા જૂના કચરા (લેગેસી વેસ્ટ) નો ૧૦૦ ટકા નિકાલ કરી ડમ્પ સાઈટ મુક્ત બનાવવાનું લક્ષ્ય અપાયું છે. માત્ર કચરો હટાવવાથી કામ પૂરું નહીં થાય, પરંતુ ખુલ્લી થયેલી જગ્યાનો યોગ્ય ઉપયોગ કરવો પણ ફરજિયાત રહેશે. હાઈ-ટ્રાફિક ઝોન પર વિશેષ નજરઃ શહેરના પ્રવેશદ્વારો, પ્રવાસન સ્થળો, ધાર્મિક સ્થાનો અને વધુ ભીડભાડ વાળા વિસ્તારો (CTU) માં ગંદકી ન દેખાય તે માટે ઝોનવાર વિશેષ ગોઠવણ કરવી પડશે. આ આદેશમાં સ્વચ્છતાની જવાબદારી માત્ર મ્યુનિસિપલ કમિશનરો કે ચીફ ઓફિસરો પૂરતી મર્યાદિત નથી રખાઈ. ચૂંટાયેલા લોકપ્રતિનિધિઓને ‘લીડ ફેસિલિટેટર’ તરીકે ભૂમિકા ભજવવા અને દિવસમાં ઓછામાં ઓછું એક વખત પોતાના વિસ્તારની ફિલ્ડ વિઝિટ કરવા સૂચના આપવામાં આવી છે. આ ઉપરાંત, સ્ટેન્ડિંગ કમિટી, સામાન્ય સભા અને કમિશનર/ચીફ ઓફિસર સાથેની સમીક્ષા બેઠકોમાં સ્વચ્છતાના મુદ્દાને પ્રાથમિકતા પર રાખવા આદેશ કરાયો છે. ટૂંકમાં, ફ્લાઈંગ સ્ક્વોડના ચોંકાવનારા રિપોર્ટ બાદ હવે રાજ્યની તમામ પાલિકાઓ માટે ગ્રાન્ટ મેળવવા માટે સ્વચ્છતાનું સરકારી ધોરણ જાળવવું અનિવાર્ય બની ગયું છે.

૧૨૪ મીટરના મહાકાય રોકેટને સફળતા મળી

# સ્પેસએક્સના સ્ટારશિપ રોકેટનો પહેલી વખત પૃથ્વીની ભ્રમણ કક્ષામાં પ્રવેશ

ટેક્સાસ,

સ્પેસએક્સે જાયન્ટ ‘સ્ટારશિપ’ રોકેટને પહેલી વખત પૃથ્વીની ભ્રમણકક્ષામાં સફળતાપૂર્વક સ્થાપિત કરીને અંતરિક્ષ વિજ્ઞાનના ઈતિહાસમાં નવો અધ્યાય લખ્યો છે. દુનિયાના સૌથી શક્તિશાળી લોન્ચ વ્હીકલનું આ ફ્લાઈટ-૧૪ મિશન પ્રાયોગિક પરીક્ષણમાં સફળ સાબિત થયું છે. ટેક્સાસના બોકા ચિકા સ્થિત સ્પેસબેઝ લોન્ચ ફેસિલિટી પરથી ૧૨૪ મીટર ઊંચા આ મહાકાય રોકેટે ઉડાન ભરી હતી. આ રોકેટ સિસ્ટમમાં ‘સુપર હેવી બૂસ્ટર ૨૧’ અને ‘શિપ ૪૧’ નો સમાવેશ થાય છે.ઓર્બિટલ એન્જિન બર્ન સફળતાપૂર્વક પૂર્ણ કર્યા બાદ સ્ટારશિપે પોતાના પેલોડ બેના દરવાજા ખોલીને ૨૬ નેક્સ્ટ-જેન સ્ટારલિંક વી૩ સેટેલાઈટ્સ ને સફળતાપૂર્વક ઓર્બિટમાં તરતા મૂક્યા હતા.વોશિંગ્ટનમાં સ્પેસએક્સ ફેસિલિટી ખાતે તૈયાર કરાયેલ દરેક વી-૩ સેટેલાઈટ ૧ ટેરાબિટ પ્રતિ સેકન્ડની બેન્ડવિડ્થ ધરાવે છે, જે ફાલ્કન-૯ રોકેટથી છોડાતા જૂના સેટેલાઈટ કરતાં ૧૦ ગણી વધુ સ્પીડ આપશે.ત્રણ સેટેલાઈટ પર ખાસ પ્રકારના હાઈ-રિઝોલ્યુશન કેમેરા લગાવવામાં આવ્યા છે. જે સેટેલાઈટ છૂટા પડયા બાદ સ્ટારશિપની હીટશીલ્ડ ટાઈલ્સનું સ્કેનિંગ કરીને જમીન પર કન્ટ્રોલ ટીમને ડેટા મોકલશે.

તેનાથી પૃથ્વી પર રી-એન્ટ્રી વખતે થતા ઘર્ષણ સામે થર્મોડાયનેમિક સહનશક્તિ ચકાસી શકાય.ફ્લાઈટ-૧૩ વખતે એન્જિન રિલાઈટમાં થયેલી ખામીને ધ્યાનમાં રાખીને કરાયેલા સોફ્ટવેર અને ટાઈલ એન્જિનિયરિંગ સુધારા આ મિશનમાં સફળ પુરવાર થયા છે. સ્ટારશિપની ઓર્બિટલ સફળતા નાસાના આર્ટેમિસ મૂન મિશન માટે મહત્ત્વપૂર્ણ છે,

કડક નિયમો માટે દિલ્હીએ શરૂ કરી તૈયારી

# PUC નહીં હોય તો ૧૦,૦૦૦ રૂપિયાનો દંડ, પેટ્રોલ પણ નહીં મળે

## દિલ્હી સરકાર રાષ્ટ્રીય રાજધાનીમાં વધતા પ્રદૂષણ પર સંપૂર્ણપણે લગામ લગાવવા માટે એક અભિયાન શરુ કરવા જઈ રહી છે

નવી દિલ્હી,

જો તમે પણ ગાડી ચલાવો છો તો આપના માટે આ સમાચાર ખૂબ કામના છે. તમારી નાની એવી ભૂલથી આપને ૧૦ હજાર રૂપિયા સુધીનો દંડ લાગી શકે છે. દિલ્હી સરકાર રાષ્ટ્રીય રાજધાનીમાં વધતા પ્રદૂષણ પર સંપૂર્ણપણે લગામ લગાવવા માટે એક અભિયાન શરુ કરવા જઈ રહી છે. દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ ઘોષણા કરી છે કે, ૧ ઓક્ટોબરથી દિલ્હીના રોડ પર વેલિડ પોલ્યુશન સર્ટિફિકેટ એટલે કે PUC વિના ચાલતી ગાડીઓ વિરુદ્ધ કડક દંડનીય અભિયાન શરુ કરવામાં આવશે.

મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ આ ઘોષણા બુરાડીમાં દેશના સૌથી મોટા ઓટોમેટેડ ટેસ્ટિંગ સ્ટેશનના ઉદ્ઘાટન કર્યા બાદ આયોજિત એક કાર્યક્રમ દરમ્યાન કરી હતી. તેમણે સ્પષ્ટ કહ્યું કે, સરકારનો મુખ્ય ઉદ્દેશ્ય દિલ્હીના દરેક નાગરિકને શ્વાસ લેવા માટે સ્વચ્છ હવા



આપવાનું છે. આ અભિયાન આ દિશામાં ઉઠાવેલું એક ઠોસ અને મોટું પગલું છે.

PUC વિનાના વાહનો પર લાગશે ૧૦ હજારનો દંડઃ દિલ્હી સરકારે ચેતવણી આપી છે કે આ કડક અભિયાન દરમ્યાન જો કોઈ પણ વાહન વેલિડ PUC વિના ફરતું પકડાય તો મોટર વ્હીકલ નિયમો અંતર્ગત ડાયરેક્ટ ૧૦,૦૦૦ રૂપિયાનો ભારે દંડ લગાવવામાં આવશે. સેન્ટ્રલ મોટર વ્હીકલ રૂલ્સ, ૧૯૮૯ના નિયમ ૧૧૫(૭) અંતર્ગત દેશમાં દરેક મોટર વાહનને તેના પહેલા રજિસ્ટ્રેશનની ઠીક એક વર્ષ પૂરું થયા બાદ માન્ય PUC સર્ટિફિકેટ રાખવું કાયદાકીય રીતે જરૂરી છે.

તપાસ દરમ્યાન પોલીસ અથવા કોઈ પણ ઓથોરાઈઝ્ડ અધિકારીના માગવા પર તરત પીયૂસી બતાવવું પડશે. આ તમામ પેટ્રોલ, ડીઝલ અને સીએનજી ગાડીઓ પર એકસમાન લાગુ થશે. જો કે ઈલેક્ટ્રિક વાહનોમાંથી કોઈ ધુમાડો નથી નીકળતો, એટલા માટે તેમને આ નિયમમાંથી છૂટ આપવામાં આવી છે.

મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ કહ્યું કે, ખાલી રસ્તા પર મેમો આપવાનો ઉદ્દેશ્ય સરકારનો નથી. પણ પ્રદૂષણ તપાસની આખી સિસ્ટમને મજબૂત બનાવવાની છે. જે અંતર્ગત હવે દિલ્હીના તમામ પીયૂસી તપાસ કેન્દ્રોની સિસ્ટમને મજબૂત કરવા માટે ટેક્નોલોજીની મદદ લેવામાં આવશે. જેથી કોઈ પણ કેન્દ્ર તપાસ વિના સર્ટિફિકેટ આપી ન શકે. પરિવહન મંત્રી પંકજ સિંહે જણાવ્યું કે, બુરાડી પહેલા ગત ૩ સપ્ટેમ્બરના રોજ વાર્ષિક ૭૨,૦૦૦ ગાડીઓની ક્ષમતાવાળા એક અન્ય અત્યાધુનિક એટીએસની શરૂઆત થઈ ચૂકી છે.

# અમદાવાદ શહેરના વટવામાં માથાભારે તત્ત્વોનો ત્રાસ !

અમદાવાદના વટવા વિસ્તારમાં ઉત્સવ ફ્લેટમાં ૮ અસામાજિક તત્ત્વોએ મોડી રાત્રે આતંક મચાવ્યો હતો. અગાઉના ઝઘડાની અદાવત રાખી કિશનને શોધવા આવેલા હુમલાખોરો તે ન મળતા રોષે ભરાયા હતા. તેમણે પાર્કિંગમાં પડેલા ૧૬ વાહનોમાં તલવાર અને ધોકા વડે તોડફોડ કરી નુકસાન પહોંચાડ્યું. વટવા પોલીસે ૪ નામજોગ સહિત ૮ શખસો સામે રાયોટિંગનો ગુનો નોંધી એક આરોપીની ધરપકડ કરી છે. અમદાવાદના વટવા વિસ્તારમાં લુખ્ખા તત્ત્વોનો ત્રાસ સતત વધી રહ્યો છે. લુખ્ખા તત્ત્વો દ્વારા વધુ એક હુમલો કરવામાં આવ્યો છે. ઉત્સવ ફ્લેટમાં અગાઉના ઝઘડાની અદાવત રાખી મોડી રાત્રે ઘાતક હથિયારો સાથે ધસી આવેલા ૮ અસામાજિક તત્ત્વોએ આતંક મચાવ્યો હતો. હુમલાખોરો જે યુવકને શોધવા આવ્યા હતા તે ન મળતાં રોષે ભરાઈને ફ્લેટના પાર્કિંગમાં પડેલી ૫ રિક્ષા, ૩ કાર અને ૮ ટુ-વ્હીલર મળી કુલ ૧૬ વાહનોમાં તલવાર અને ધોકા વડે તોડફોડ કરી નુકસાન પહોંચાડ્યું હતું. ગત (૨૮મી સપ્ટેમ્બર) મોડી રાતે થયેલી આ તોડફોડ અને ગાળાગાળીથી સ્થાનિક રહીશોમાં ભય ફેલાયો હતો. આ મામલે વટવા પોલીસે ૪ નામજોગ સહિત ૮ શખસો સામે રાયોટિંગ અને તોડફોડનો ગુનો નોંધી એક આરોપીની ધરપકડ કરી



કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**અદાવતમાં નિર્દોષ રહીશોના વાહનો નિશાન બન્યા**

મળતી માહિતી અનુસાર, વટવા ઉત્સવ ફ્લેટમાં રહેતા અને રિક્ષા ચલાવી પરિવારનું ગુજરાન ચલાવતા ૩૩ વર્ષીય જિતેન્દ્રસિંહ ભદોરિયા ૨૮મી સપ્ટેમ્બરના રોજ રાત્રે રિક્ષા પાર્કિંગમાં મૂકીને સૂઈ ગયા હતા. આ દરમિયાન મોડી રાત્રે પાર્કિંગમાંથી

## જૂની અદાવતમાં ફ્લેટમાં રહેતા રહીશોના વાહનોનો ભુક્કો બોલાવ્યો

જોરજોરથી કાચ તૂટવાના અને વાહનોને નુકસાન પહોંચાડવાના અવાજો આવતાં તેઓ સફાળા જાગી ગયા હતા. ઘરની ગેલેરીમાંથી નીચે જોતાં આઠ જેટલા શખસો હાથમાં તલવાર અને દંડા લઈને પાર્કિંગમાં પાર્ક કરેલાં વાહનો પર તૂટી પડ્યા હતા. હુમલાખોરો ગાળો બોલી રહીશોને ઉશ્કેરવાનો પ્રયાસ કરી રહ્યા હતા.

**પી.ડી. પંડ્યા કોલેજ પાસે થયેલી બોલાચાલીનું વેર વાળવા આવ્યા હતા**

સ્થાનિકોએ બૂમાબૂમ કરતાં તમામ અજાણ્યા શખસો કાર અને ટુ-વ્હીલર પર સવાર થઈને નાસી છૂટ્યા હતા. ઉત્સવ ફ્લેટ પાસે બેસતા કિશન તોમર નામના યુવક સાથે રોનક પંચાલ ઉર્ફે ગનુ, હર્ષ પંચાલ, અરુણ આહીર અને સોનુ પંચાલને થોડા દિવસ પહેલાં પી.ડી. પંડ્યા કોલેજ પાસે અગાઉના ઝઘડા બાબતે સમાધાનની વાતચીત દરમિયાન ઝઘડો થયો હતો. તે વખતે કિશન ત્યાંથી ભાગી ગયો હતો. કિશન ઉત્સવ ફ્લેટ પાસે બેસતો હોવાની જાણ થતાં આ શખસો તેને મારવાના ઈરાદે હથિયારો સાથે આવ્યા હતા.

જોકે, કિશન હાજર ન મળતાં ઉશ્કેરાયેલા શખસોએ નિર્દોષ રહીશોના વાહનોને નિશાન બનાવી તોડફોડ આચરી હતી. આ અંગે વટવા પોલીસે રોનક પંચાલ ઉર્ફે ગનુ, હર્ષ પંચાલ, અરુણ આહીર, સોનુ પંચાલ અને અન્ય ૪ અજાણ્યા શખસો સામે ગુનો નોંધીને તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

# શ્રાદ્ધ

# પિતૃઓ પ્રત્યે શ્રદ્ધા, કૃતજ્ઞતા અને સંસ્કારોનું પવિત્ર પર્વ




ભારતીય સંસ્કૃતિમાં પરિવાર, વડીલો અને પૂર્વજોનું સ્થાન ખૂબ જ ઊંચું માનવામાં આવ્યું છે. આપણા જીવનમાં માતા-પિતા, દાદા-દાદી, પરદાદા-પરદાદી તથા પરિવારના અન્ય વડીલોએ આપેલા સંસ્કાર, જ્ઞાન, પરંપરા અને જીવનમૂલ્યોનું મહત્વ ક્યારેય ઓછું થતું નથી. આ પૂર્વજોને શ્રદ્ધાપૂર્વક યાદ કરવા અને તેમના પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવાની પરંપરાઓમાં શ્રાદ્ધનું વિશેષ સ્થાન છે.

'શ્રાદ્ધ' શબ્દ 'શ્રદ્ધા' પરથી આવ્યો હોવાનું માનવામાં આવે છે. એટલે કે, શ્રદ્ધા અને વિશ્વાસપૂર્વક કરવામાં આવતું કાર્ય. શ્રાદ્ધનો મુખ્ય ભાવ માત્ર ધાર્મિક વિધિ કરવાનો નથી, પરંતુ પોતાના પિતૃઓને યાદ કરવાનો, તેમના પ્રત્યે આદર વ્યક્ત કરવાનો અને તેમણે આપેલા સંસ્કારોને જીવનમાં જાળવી રાખવાનો છે.

### શ્રાદ્ધ શું છે ?

હિંદુ પરંપરા અનુસાર કોઈ વ્યક્તિના અવસાન બાદ તેમના સ્મરણાર્થે વિવિધ ધાર્મિક વિધિઓ કરવામાં આવે છે. તેમાં પિતૃઓ માટે તર્પણ, પિંડદાન, પ્રાર્થના અને અન્નદાન જેવી પરંપરાઓનો સમાવેશ થાય છે.

શ્રાદ્ધ દરમિયાન પરિવારના સભ્યો પોતાના અવસાન પામેલા વડીલોને યાદ કરે છે અને તેમના આત્માની શાંતિ માટે પ્રાર્થના કરે છે. ઘણી પરંપરાઓમાં બ્રાહ્મણો અથવા જરૂરિયાતમંદ લોકોને ભોજન કરાવવાનું અને દાન આપવાનું પણ મહત્વ માનવામાં આવે છે.

શ્રાદ્ધની રીત-રિવાજો પ્રદેશ, પરિવાર અને સંપ્રદાય પ્રમાણે અલગ હોઈ શકે છે. તેથી દરેક પરિવારમાં ચાલતી પરંપરા અનુસાર વિધિ કરવામાં આવે છે.

### પિતૃઓનું મહત્વ

આપણે આજે જે છીએ તેમાં આપણા પૂર્વજોના યોગદાનનો મોટો હિસ્સો છે. તેમણે પરિવારને મુશ્કેલ સમયમાં સંભાળ્યો, સંતાનોને ઉછેર્યા અને જીવન જીવવાના મૂલ્યો આપ્યા.

ઘણા પરિવારોમાં વડીલો પાસેથી મળેલા સંસ્કારો પેઢી દર પેઢી આગળ વધે છે. સત્ય બોલવું, મહેનત કરવી, જરૂરિયાતમંદની મદદ કરવી, પરિવારને સાથે રાખવો અને સમાજ પ્રત્યેની જવાબદારી નિભાવવી જેવા ગુણો આપણને આપણા વડીલો પાસેથી મળતા હોય છે.

આથી શ્રાદ્ધ આપણને એક મહત્વપૂર્ણ સંદેશ આપે છે કે પૂર્વજોને માત્ર યાદ જ ન કરીએ, પરંતુ તેમના સારા વિચારો અને સંસ્કારોને આપણા જીવનમાં ઉતારીએ.

### પિતૃપક્ષ અને શ્રાદ્ધ

હિંદુ પંચાંગમાં પિતૃપક્ષને પિતૃઓના સ્મરણ માટે વિશેષ સમય માનવામાં આવે છે. આ સમય દરમિયાન લોકો પોતાના પૂર્વજોની તિથિ અનુસાર શ્રાદ્ધ અને તર્પણ કરે છે.

પરંપરા મુજબ, જે પૂર્વજનું અવસાન જે તિથિએ થયું હોય તે તિથિએ શ્રાદ્ધ કરવામાં આવે છે. જો કોઈ વ્યક્તિને પોતાના પૂર્વજની ચોક્કસ મૃત્યુતિથિ ખબર ન હોય, તો કેટલીક પરંપરાઓમાં સર્વપિતૃ અમાવસ્યાના દિવસે શ્રાદ્ધ કરવાની રીત છે.

પિતૃપક્ષ દરમિયાન ઘણા લોકો પોતાના પૂર્વજોના નામે અન્નદાન, ગૌસેવા, જરૂરિયાતમંદોને ભોજન અને અન્ય સેવાકાર્યો પણ કરે છે.

### શ્રાદ્ધની પરંપરાગત વિધિઓ

શ્રાદ્ધની વિધિ પરિવારની પરંપરા અને ધાર્મિક માન્યતાઓ અનુસાર અલગ હોઈ શકે છે. સામાન્ય રીતે નીચેની બાબતો જોવા મળે છે:

#### ૧. તર્પણ

પિતૃઓના સ્મરણ સાથે જળ અને તલ વગેરે દ્વારા તર્પણ કરવામાં આવે છે. તેનો ભાવ પૂર્વજોને શ્રદ્ધાપૂર્વક સ્મરણ કરવાનો છે.

#### ૨. પિંડદાન

કેટલીક હિંદુ પરંપરાઓમાં પિતૃઓ માટે પિંડ અર્પણ કરવામાં આવે છે. પિંડદાનનું ધાર્મિક મહત્વ વિવિધ શાસ્ત્રીય અને પ્રાદેશિક પરંપરાઓમાં સમજાવવામાં આવ્યું છે.

#### ૩. અન્નદાન અને ભોજન

શ્રાદ્ધ પ્રસંગે ભોજન બનાવવામાં આવે છે અને પરંપરા મુજબ બ્રાહ્મણો, સાધુ-સંતો અથવા જરૂરિયાતમંદોને ભોજન કરાવવામાં આવે છે.

#### ૪. જીવદયા

ઘણા લોકો ગાય, પક્ષીઓ અને અન્ય જીવોને અન્ન અથવા પાણી આપે છે. આ કાર્યને સેવા અને દયાની ભાવના સાથે જોડવામાં આવે છે.

#### ૫. પ્રાર્થના

પરિવારના સભ્યો પોતાના પિતૃઓને યાદ કરી તેમની આત્માની શાંતિ માટે પ્રાર્થના કરે છે.

### શ્રાદ્ધનો સાચો અર્થ શું છે ?

શ્રાદ્ધનો અર્થ માત્ર એક દિવસ માટે કોઈ વિધિ કરી દેવાનો નથી. તેનો ઊંડો ભાવ કૃતજ્ઞતા છે.

આપણે ઘણી વખત આપણા જીવનમાં વ્યસ્ત થઈ જઈએ છીએ અને આપણા વડીલોએ આપણા માટે કરેલા ત્યાગને ભૂલી જઈએ છીએ. શ્રાદ્ધ આપણને થોડી ક્ષણો માટે અટકાવીને વિચારવાની તક આપે છે કે—

"આજે હું જે છું, તેમાં મારા પરિવાર અને મારા પૂર્વજોના કેટલા યોગદાન છે?"

આ વિચાર જ શ્રાદ્ધની ભાવનાને વધુ અર્થપૂર્ણ બનાવે છે.

### શ્રાદ્ધ અને પરિવારના સંસ્કાર

શ્રાદ્ધ પરિવારની નવી પેઢીને પોતાના વંશ, વડીલો અને પરંપરાઓ વિશે જાણવાની તક આપે છે. બાળકોને તેમના દાદા-દાદી, પરદાદા-પરદાદી અને પરિવારના અન્ય વડીલોની વાતો જણાવવી એ પણ સંસ્કારનું એક મહત્વનું કાર્ય છે.

પૂર્વજોની જીવનકથા, તેમની મહેનત, સંઘર્ષ અને સારા ગુણો વિશે બાળકોને સમજાવવામાં આવે તો તેઓ પોતાના પરિવારના ઈતિહાસ સાથે જોડાયેલા રહે છે.

આ રીતે શ્રાદ્ધ ભૂતકાળને યાદ કરીને વર્તમાનને સંસ્કારિત કરવાની અને ભવિષ્યને સારા મૂલ્યો આપવાની પરંપરા બની શકે છે.

### શ્રાદ્ધ અને માનવ સેવા

આજના સમયમાં શ્રાદ્ધને માનવસેવા સાથે પણ જોડીને જોવામાં આવે છે. પોતાના પિતૃઓના સ્મરણમાં જરૂરિયાતમંદ વ્યક્તિને ભોજન કરાવવું, ગરીબ પરિવારને અનાજ આપવું, વૃદ્ધાશ્રમમાં સેવા કરવી, ગૌસેવા કરવી અથવા વૃક્ષારોપણ કરવું—આવા સેવાકાર્યો દ્વારા પણ કૃતજ્ઞતાની ભાવના વ્યક્ત કરી શકાય છે.

અવસાન પામેલા સ્વજનની યાદમાં કોઈ સારા કાર્યને આગળ વધારવું તેમના પ્રત્યેની યાદને જીવંત રાખવાનો સુંદર માર્ગ બની શકે છે.

### આધુનિક સમયમાં શ્રાદ્ધનો સંદેશ

આધુનિક જીવનશૈલીમાં લોકો કામ, વ્યવસાય અને પરિવારની જવાબદારીઓમાં વ્યસ્ત રહે છે. આવી પરિસ્થિતિમાં શ્રાદ્ધ આપણને આપણા મૂળ અને પરિવાર સાથે જોડે છે.

**શ્રાદ્ધનો આધુનિક સંદેશ એવો પણ લઈ શકાય કે:**

- ★ વડીલોનું સન્માન કરીએ.
- ★ જીવતા માતા-પિતાની સેવા કરીએ.
- ★ પરિવારના સારા સંસ્કારો જાળવીએ.
- ★ જરૂરિયાતમંદોની મદદ કરીએ.
- ★ પૂર્વજોના સારા વિચારોને આગળ વધારીએ.
- ★ પરિવારની પરંપરા અને ઈતિહાસ નવી પેઢી સુધી પહોંચાડીએ.

કારણ કે મૃત્યુ પછી શ્રદ્ધાંજલિ આપવી મહત્વપૂર્ણ છે, પરંતુ જીવન દરમિયાન માતા-પિતા અને વડીલોની સેવા કરવી પણ એટલી જ મહત્વપૂર્ણ છે.

### પિતૃઓને યાદ કરવાની ભાવના

શ્રાદ્ધના દિવસે જ્યારે પરિવાર પોતાના સ્વજનને યાદ કરે છે ત્યારે જૂની યાદો ફરી તાજી થઈ જાય છે. તેમની વાતો, તેમનું હસવું, તેમનો પ્રેમ અને પરિવાર માટે કરેલા ત્યાગની યાદ આવે છે.

આ યાદો આપણને ભાવુક બનાવે છે, પરંતુ સાથે સાથે જીવનનો એક મોટો પાઠ પણ આપે છે—

માણસનું જીવન ક્ષણભંગુર છે, પરંતુ તેના સારા કર્મો, સંસ્કારો અને યાદો લાંબા સમય સુધી જીવંત રહે છે.

આથી પોતાના પૂર્વજોના સારા ગુણોને જીવનમાં ઉતારવા એ તેમના માટેની સાચી શ્રદ્ધાંજલિ બની શકે છે.

### અંતિમ સંદેશ

શ્રાદ્ધ ભારતીય સંસ્કૃતિની એવી પરંપરા છે જે આપણને શ્રદ્ધા, કૃતજ્ઞતા, પરિવાર, સંસ્કાર અને સેવા સાથે જોડે છે. પિતૃઓને યાદ કરવાનો આ પ્રસંગ આપણને આપણા મૂળને સમજવાની અને આવતી પેઢીને સારા મૂલ્યો આપવાની પ્રેરણા આપે છે.

પૂર્વજોએ આપણને જે આપ્યું છે તેનું ઋણ કદાચ ક્યારેય સંપૂર્ણ ચૂકવી શકાય નહીં, પરંતુ તેમના સારા વિચારોને જીવનમાં ઉતારીને અને સમાજ માટે સારા કાર્યો કરીને આપણે તેમની યાદને સન્માન આપી શકીએ છીએ.

"પિતૃઓની યાદ હૃદયમાં રાખીએ, તેમના સંસ્કારો જીવનમાં ઉતારીએ અને માનવ સેવાને જીવનનો ભાગ બનાવીએ."

**પિતૃદેવોને નમન**

**ૐ પિતૃભ્યો નમઃ**

**સર્વ પિતૃ આત્માઓને શાંતિ મળે તેવી પ્રાર્થના**

# ખોરાક, પાણી કે સૂર્યપ્રકાશ વગર દિવસો કે મહિનાઓ નીકળી શકે પરંતુ આ ઊર્જા વગર એક ક્ષણ કાઢવી અશક્ય છે

ઊર્જાનું શરીરમાંથી કાયમી ચાલ્યા જવું તેનું નામ મૃત્યું. આ વાતનો સંદર્ભ ટાંકીને મારે મૂળ વાત તો શરીરમાં ચેતાઓની જાળ અને તેમાં ચોક્કસ માર્ગે વહન કરતી ચેતના કે જીવન ઊર્જાની કરવી છે. જેમ કોઈપણ સ્થળે પહોંચવા જુદા જુદા માર્ગ હોય છે અને તે પૈકી પ્રચલિત માર્ગ સૌથી વધુ વિકસિત હોય છે તેમ, શરીરમાં પણ ચેતાઓરૂપી માર્ગો હોય છે અને તેમાં ચેતનાની અવરજવર મુજબ ન્યૂરલ પાથવે'ઝ બનતા હોય છે. આપણા વિચારો, લાગણીઓ, વર્તન, સંવેદનાઓ વગેરે ઊર્જા સ્વરૂપે અમુક ચોક્કસ માર્ગે ગતિ કરતા હોય છે અને શરીરમાં ન્યૂરલ પાથવે'ઝ બનતા હોય છે. આ ન્યૂરલ પાથવે'ઝ વાસ્તવમાં આપણા પ્રચલિત માર્ગો જેવા હોય છે જેમાં ચેતના કે જીવન ઊર્જા વહન કરવાનું પસંદ કરતી હોય છે અને અમુક ચોક્કસ પ્રકારના વિચારો, લાગણીઓ, વર્તન, માન્યતાઓ વગેરે ઉત્પન્ન અથવા મજબૂત કરતી રહેતી હોય છે. જેમ જેમ આપણે હાઈવે છોડીને અન્ય રસ્તાઓની પસંદગી ભાગ્યે જ નવા માર્ગે વહન કરે છે, સરવાળે આપણા વિચારો, લાગણીઓ, વર્તન, સંવેદનાઓ વગેરેની એક પેટર્ન કે માળખું બની જાય છે. આ પેટર્ન આદત કે સ્વભાવને જન્મ આપે છે. આપણે અજાગ્રત રીતે ઊર્જાનો આ ટ્રાફિક અને તેને કારણે રોજે રોજ મજબૂત થઈ રહેલા ચેતામાર્ગ મુજબ જીવ્યે જઈએ છીએ. આધ્યાત્મિક દ્રષ્ટિકોણ મુજબ જીવન ઊર્જા અથવા પ્રાણનું વહન કરતી નાડીઓનું એક અલગ તંત્ર છે જે આ ન્યૂરલ પાથવે'ઝથી અલગ છે. બીજા એક મત પ્રમાણે પ્રાણ શ્વાસ સાથે જોડાઈને શરીરમાં ઓક્સિજન સાથે જ વહન થતાં રહે છે. આ સિવાય પણ બીજા ઘણા અભિપ્રાય જીવન ઊર્જાના વિષયમાં મળશે પરંતુ આપણે આ મતમતાંતરને બાજુ પર રાખીએ કારણ કે એની વિસ્તૃત ચર્ચા આ કોલમની શબ્દ મર્યાદાથી ઘણી વધુ લંબાઈ શકે એમ છે. ટૂંકસાર એટલો જ કે જેમ આપણે જાણીતા રસ્તાઓ ઉપર જ મુસાફરી કરવાનું પસંદ કરવાનું પસંદ કરીએ છીએ અને તેથી જ તે રસ્તાઓ વિકસિત થતાં જાય છે તેમ, આપણી ઊર્જા પણ વિચારો, લાગણીઓ, વર્તન, સંવેદનાઓ વગેરેથી જાણીતા અને વિકસિત થયેલા ન્યૂરલ પાથવે'ઝ ઉપર ફરતી રહે છે અને આપણે આપણા સ્વભાવમાં સ્થિત રહીએ છીએ. આપણું જીવન વાસ્તવમાં ઊર્જાનો ખેલ છે, આ ઊર્જા એટલે પ્રાણ, ચેતના, કી, ચી., ક્વી, વગેરે અનેક નામધારી લાઈફ-એનર્જી. જ્યાં સુધી શરીરમાં આ ઊર્જાનું વહન છે ત્યાં સુધી જીવન છે, આ ઊર્જાનું શરીરમાંથી કાયમી ચાલ્યા જવું તેનું નામ મૃત્યુ. ખોરાક, પાણી કે સુર્યપ્રકાશ વગર દિવસો કે મહિનાઓ નીકળી શકે પરંતુ આ ઊર્જા વગર એક ક્ષણ કાઢવી અશક્ય છે. નવજાત શિશુના પહેલા રુદન સાથે લેવાતાં શ્વાસની જોડે જ આ ઊર્જા શરીરમાં પ્રજ્વલિત થાય છે અને મૃત્યુ સાથે મુકાતા શ્વાસ જોડે જ તે શરીરમાંથી બહાર નીકળી જાય છે. જીવન એ પ્રથમ શ્વાસ અને છેલ્લા ઉચ્છવાસ વચ્ચે ફરતી રહેતી ઊર્જા છે. આ ઊર્જા જ તમારા જીવનની સ્વસ્થતા અને ગુણવત્તાનો આધાર છે. આ જીવન ઊર્જા સાથે મનની એક લાક્ષણિકતા સંકળાયેલી છે, શરીરમાં જ્યાં તમે ધ્યાન લઈ જાવ ત્યાં આ ઊર્જા વહેવા માંડે છે અને એક જ રસ્તે એ ઊર્જાની અવરજવર વધે તો ન્યૂરલ પાથવે'ઝ બનવા માંડે છે. એનો અર્થ એ થયો કે શરીરમાં કોઈપણ બદલાવ લાવવો હોય, સંતુલન મજબૂત કરવું હોય કે રૂઝ લાવવી હોય તો એ બાબતોનો સંકલ્પ કરીને, એની પર ધ્યાન ધરીને, જીવન ઊર્જા દ્વારા એ કરી શકાય છે !

મનના સ્વભાવની દસમી લાક્ષણિકતા, મનને શરીરની ક્રિયાઓ સાથે જોડતા ચેતામાર્ગો બદલાતા રહે છે, બનતા-લુપ્ત થતાં રહે છે જેને ન્યુરોપ્લાસ્ટિસિટી કહે છે. મગજમાંથી નીકળતા અને શરીરમાંથી મગજમા પહોંચતાં બધા જ ચેતામાર્ગો મનના ધ્યાન (એટેન્શન) દ્વારા નવનિર્મિત, વિકસિત અને પ્રજ્વલિત કરી શકાય છે. આ બાબતના નિયમિત મહાવરાથી તમે શરીરના અંગો, જીવ-રાસાયણિક ક્રિયાઓ વગેરે પર કાબૂ મેળવી શકો છો.

# સૂવાની રીતોમાં ઉત્તમ પીઠના બળે ચત્તા સૂવું એ છે તેના ઘણાં લાભો છે



દરેક વ્યક્તિની સૂવાની રીત જુદી જુદી હોય છે, - ઉંઘ દરમ્યાન શરીર પોતાની મેળે અનેક સમસ્યાઓમાંથી રાહત મેળવે છે

રાત્રે સૂવાના સમય દરમ્યાન શરીર આપમેળે પોતાની મરામત કરી લેતું હોઈ સૂવાની રીત યોગ્ય હોય તે જોવું જરૂરી છે. શરીરના સમગ્ર વિકાસ માટે પણ સીધા સૂવાની ટેવ પાડવી જોઈએ.

દુનિયામાં દરેક વ્યક્તિ સૂવામાં અડધી જિંદગી કાઢે છે. આમ જુઓ તો સૂવાની બાબત સૌથી વધારે મહત્વની ગણાય. પણ આખી દુનિયા ઉંઘની બાબતે હજી ઉંઘમાં જ છે. સૂઈ જવાની સાચી રીત જાણો તો જીવનમાં અનેક પ્રકારની પરેશાનીઓથી બચી શકાય છે. આપણે કેવી રીતે સૂઈએ છીએ તેના પર આરોગ્યનો ઘણો આધાર રહેલો છે. ઘણાં લોકોને પેટના બળે સૂવાની ટેવ હોય છે તો ઘણાંને કરવટ લઈને સૂવાની ટેવ હોય છે. દુનિયામાં દરેક જણની સૂવાની આગવી પોતાની રીત હોય છે. જો આ રીત ખોટી હોય તો તેને સુધારી આરોગ્યની ઘણી સમસ્યાઓને દૂર કરી શકાય છે. સૂવાની રીતોમાં ઉત્તમ પીઠના બળે ચત્તા સૂવું એ છે. તેના ઘણાં લાભો છે. ઉંઘ વિષયક સંશોધનોમાં જાણવા મળ્યું છે કે પીઠના બળે સૂવાથી શરીરને આરોગ્યલક્ષી અનેક ફાયદા થાય છે. આ રીતે સૂવાનો સૌથી મોટો લાભ એ છે કે જો તમે આખો દિવસ બેસીને કામ કરતાં હો તો તમારી વાંકી વળી ગયેલી કમર સીધી થઈ જાય છે. પીઠના બળે સૂવાનો બીજો મોટો લાભ એ છે કે તેને કારણે તમારી ગરદનના સ્નાયુઓ પર કોઈ પ્રકારનું દબાણ આવતું નથી. આને કારણે માથું ભારે રહેતું હોય કે માથાના દુખાવાની સમસ્યા હોય તો તેમાં રાહત મળે છે. પીઠના બળે સૂઈ જવાથી પેટ સપાટ રહે છે. જેને કારણે પાચનતંત્ર પર કોઈ પ્રકારનું દબાણ આવતું નથી. જેને કારણે જો તમને એસિડિટીની સમસ્યા હોય તો તે પણ ચત્તા સૂઈ જવાથી ઠીક થઈ જાય છે. પેટની સમસ્યાઓ હોય તો તેમાં પણ આ રીતે સૂવાથી રાહત મળે છે. એક રસપ્રદ બાબત એ છે કે તમે કેવી રીતે સૂવો છો તેની અસર તમારી ચહેરાની ત્વચા પર પણ પડે છે. જો તમે ખોટી રીતે સૂતા હો તો તેના કારણે તમારા ચહેરાના સ્નાયુઓ પર દબાણ આવતું હોય તો તેના કારણે કરચલીઓ વધારે પડે છે. જો તમે ખોટી રીતે સૂતા હો તો તેની અસર તમારી બેસવાની રીત પર પણ પડી શકે છે. જેના કારણે તમારી તબિયત અને ત્વચા પર અસર પડે છે. સૂવાની રીત ખોટી હોય તો શરીર બેડોળ બની જવાની સંભાવના રહે છે પણ જો તમે પીઠના બળે સૂવાની ટેવ ધરાવતાં હો તો તમારી કાયા સુડોળ રહે છે. સંશોધનો અનુસાર રાત્રે સૂવાના સમય દરમ્યાન શરીર આપમેળે પોતાની મરામત કરી લેતું હોઈ સૂવાની રીત યોગ્ય હોય તે જોવું જરૂરી છે. શરીરના સમગ્ર વિકાસ માટે પણ સીધા સૂવાની ટેવ પાડવી જોઈએ.

જેમને સાઈનસની સમસ્યા છે તેમને પીઠના બળે સૂવાથી ઘણાં લાભ થાય છે. પીઠના બળે સૂવાથી સાઈનસની કેવિટીમાં જમા પ્રવાહી તમારા માથા અને આંખોની તરફ જતું નથી. જેને કારણે કોઈ બ્લોકેજ થતું નથી જેને કારણે સાઈનસમાં રાહત રહે છે. પીઠના બળે સૂવાથી માથાંનો દુખાવો, આંખમાં જલન અને નાક બંધ જેવી સમસ્યાઓ પણ નિવારી શકાય છે.

### ૧ ઓક્ટોબરથી રેલવેનું મોટું મેગા ચેકિંગ

# મધ્ય રેલવે ૧ ઓક્ટોબરથી ૩૧ ઓક્ટોબર ૨૦૨૬ સુધી ટિકિટ ચેકિંગ અભિયાન ચલાવશે



નવી દિલ્હી,

ઓક્ટોબરમાં ટ્રેનમાં મુસાફરી કરતા હોવ તો ટિકિટની સાથે જરૂરી દસ્તાવેજો રાખવા પડશે. સેન્ટ્રલ રેલવે દ્વારા ૧ ઓક્ટોબરથી ૩૧ ઓક્ટોબર ૨૦૨૬ સુધી ખાસ ટિકિટ ચેકિંગ અભિયાન ચલાવવામાં આવશે. આ દરમિયાન માત્ર ટિકિટ જ નહીં, પરંતુ ટિકિટના આધારે મુસાફરી કરવાની તમારી પાત્રતા અને જરૂરી ઓળખપત્રની પણ તપાસ થઈ શકે છે. ખાસ કરીને કન્સેશન, નિર્ધારિત રિઝર્વેશન કોટા, ઈ-પાસ અથવા પ્રિવિલેજ ટિકિટ ઓર્ડર (PTO)ના આધારે મુસાફરી કરતા મુસાફરોએ સાવચેત રહેવું પડશે. આવા મુસાફરો પાસે મુસાફરી દરમિયાન નિયમ મુજબનું મૂળ ઓળખપત્ર અને જરૂરી દસ્તાવેજો હોવા જરૂરી છે. સેન્ટ્રલ રેલવેના જણાવ્યા મુજબ, કન્સેશન અથવા નિર્ધારિત રિઝર્વેશન કોટા હેઠળ ટિકિટ મેળવનારા મુસાફરોની ઓળખ અને પાત્રતા ચકાસવામાં આવી શકે છે. જો એક જ ટિકિટ પર એકથી વધુ મુસાફરો મુસાફરી કરતા હોય, તો નિયમ મુજબ ઓછામાં ઓછા એક મુસાફર પાસે જરૂરી ઓળખપત્ર હોવું જોઈએ. રેલવેના નિયમો અનુસાર, PTO રેલવેના પાત્ર કર્મચારીઓ અને તેમના પરિવારજનો માટે આપવામાં આવતી કન્સેશન સુવિધા છે. સેન્ટ્રલ રેલવેના દસ્તાવેજ મુજબ PTO હેઠળ ટિકિટ માટે મૂળ ભાડાના એક તૃતીયાંશ જેટલું ભાડું લેવામાં આવે છે. જો ચેકિંગ દરમિયાન જરૂરી મૂળ દસ્તાવેજ રજૂ ન કરી શકાય, તો લાગુ નિયમો મુજબ મુસાફરને માન્ય ટિકિટ વિના મુસાફરી કરનાર ગણવામાં આવી શકે છે. એટલે કન્સેશન અથવા ખાસ કોટા હેઠળની ટિકિટ હોય તો માત્ર ટિકિટ રાખવી પૂરતી ન પણ હોય. ઈ-પાસ અથવ PTOથી મુસાફરી કરનારા મુસાફરોએ પણ મૂળ ઓળખપત્ર સાથે રાખવું પડશે. મુસાફરી શરૂ કરતા પહેલાં ઈ-પાસ અથવા PTOને નિયમ મુજબ અધિકૃત પ્રક્રિયા હેઠળ ટિકિટ ઈશ્યું થયેલી હોય તે જરૂરી છે. રેલવેની નિયમાવલી મુજબ મુસાફરી દરમિયાન ઓળખ માટે આધાર કાર્ડ, મતદાર ઓળખપત્ર, પાસપોર્ટ, પાન કાર્ડ, ડ્રાઈવિંગ લાઈસન્સ, કેન્દ્ર અથવા રાજ્ય સરકારનું ફોટો ઓળખપત્ર, વિદ્યાર્થી ઓળખપત્ર, ફોટોવાળી રાષ્ટ્રીયકૃત બેંક પાસબુક અને લેમિનેટેડ ફોટોવાળું ક્રેડિટ કાર્ડ જેવા દસ્તાવેજો માન્ય હોઈ શકે છે. જોકે, કન્સેશન અથવા ખાસ કોટા સાથે જોડાયેલી ટિકિટમાં માત્ર ઓળખપત્ર પૂરતું ન હોય અને પાત્રતા સાબિત કરતા વધારાના દસ્તાવેજો પણ જરૂરી બની શકે છે. આ અભિયાન દરમિયાન અનારક્ષિત ટિકિટ પર મુસાફરી કરતા મુસાફરોની પણ તપાસ કરવામાં આવશે. જરૂર પડે ત્યારે ટિકિટની વિગતો ચકાસવા માટે રેલવેના TTE એપનો ઉપયોગ પણ થઈ શકે છે. સેન્ટ્રલ રેલવે મુજબ આ અભિયાનનો મુખ્ય હેતુ ટિકિટ અને રિઝર્વેશનમાં થતી ગેરરીતિઓ અટકાવવી, આવકનું નુકસાન ઘટાડવું અને કન્સેશન, પાસ તથા અન્ય રેલવે સુવિધાઓના દુરુપયોગ પર રોક લગાવવાનો છે.

### CBSE વિદ્યાર્થીઓ માટે સુપ્રીમ કોર્ટનો મોટો ફેંસલો

# ધો-૯ને પણ રાહત, ધો.૧૦મા બોર્ડમાં નહીં લેવાય ત્રીજી ભાષાની પરીક્ષા

નવી દિલ્હી,

સુપ્રીમ કોર્ટે સોમવારે સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (CBSE) ને નિર્દેશ આપ્યો હતો કે ત્રિ-ભાષા નીતિ હેઠળ ધોરણ ૯ ના વિદ્યાર્થીઓને પણ એ જ રાહત આપવામાં આવે, જે હાલમાં ધોરણ ૭ ના વિદ્યાર્થીઓને મળી રહી છે. આ મામલો સીબીએસઈની ત્રિ-ભાષા નીતિને પડકારતી અરજીઓની સુનાવણી દરમિયાન સામે આવ્યો હતો.

મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત, ન્યાયમૂર્તિ જોયમાલ્ય બાગચી અને ન્યાયમૂર્તિ વી. મોહનાની પીઠ આ કેસની સુનાવણી કરી રહી હતી. અદાલતે કહ્યું કે, ધોરણ ૯ ના વિદ્યાર્થીઓને પણ ત્રીજી ભાષાના મૂલ્યાંકનમાં ધોરણ ૭ ના વિદ્યાર્થીઓ માટે આપવામાં આવેલી છૂટછાટનો લાભ આપવામાં આવે.

કોર્ટના આદેશનો સૌથી મહત્ત્વનો હિસ્સો ત્રીજી ભાષાના મૂલ્યાંકન સાથે જોડાયેલો છે. હાલમાં ધોરણ ૭, ૮ અને ૯ ના વિદ્યાર્થીઓને સંક્રમણકાલીન રાહત આપવામાં આવી છે. આ હેઠળ જ્યારે તેઓ ૧૦મા ધોરણમાં પહોંચશે, ત્યારે ત્રીજી ભાષાની CBSE બોર્ડ પરીક્ષા લેવામાં આવશે નહીં.

ત્રીજી ભાષાનું મૂલ્યાંકન શાળા કક્ષાએ આંતરિક રીતે કરવામાં આવશે. તેનો ધોરણ ૧૦ ના બોર્ડ પરિણામ પર પાસ કે નાપાસ થવા પર કોઈ પ્રભાવ પડશે નહીં. હવે આ જ રાહત ધોરણ ૯ ના વિદ્યાર્થીઓને પણ આપવામાં આવી છે. અદાલતે પોતાના આદેશમાં કહ્યું કે, ધોરણ ૯ ના વિદ્યાર્થીઓને ધોરણ ૭ ના વિદ્યાર્થીઓને આપવામાં આવેલી એ જ છૂટછાટ આપવામાં આવે. મુખ્ય ન્યાયાધીશે સુનાવણી દરમિયાન સંકેત આપ્યો હતો કે, પાસ કે નાપાસ નહીં થાય. માત્ર હાજરી પ્રમાણપત્ર જ હશે. સુનાવણીની શરૂઆતમાં ભારતના સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કોર્ટને જણાવ્યું હતું કે, ધોરણ ૯ ના વિદ્યાર્થીઓને વર્તમાન શૈક્ષણિક વર્ષથી જ આ વ્યવસ્થામાં સામેલ કરવા અંગે સરકાર અદાલતને તેના પક્ષમાં સમજાવવાનો પ્રયાસ કરશે. તેમણે જણાવ્યું કે કુલ ૨૮,૮૧૯ શાળાઓમાંથી લગભગ ૧.૨ ટકા શાળાઓને બાદ કરતાં બાકીની તમામ શાળાઓ આ વ્યવસ્થાને અનુરૂપ છે. તેમના જણાવ્યા મુજબ પુસ્તકો અને અભ્યાસ સામગ્રી ઉપલબ્ધ છે, અને વિદ્યાર્થીઓએ આ વ્યવસ્થા અપનાવી લીધી છે.

એડિશનલ સોલિસિટર જનરલ ઐશ્વર્યા ભાટીએ અદાલતને જણાવ્યું કે ધોરણ ૭, ૮ અને ૯ ના વિદ્યાર્થીઓને પહેલાથી જ સંક્રમણકાલીન રાહત આપવામાં આવી ચૂકી છે. આ હેઠળ ૧૦મા ધોરણમાં ત્રીજી ભાષાની કોઈ બોર્ડ પરીક્ષા થશે નહીં.

અરજદારો વતી વરિષ્ઠ એડવોકેટ ગોપાલ શંકરનારાયણને કહ્યું કે, વિદ્યાર્થીઓએ આ વ્યવસ્થાનું પાલન એટલા માટે કર્યું કારણ કે તેમની પાસે બીજો કોઈ વિકલ્પ નહોતો. તેમણે કહ્યું કે શરૂઆતમાં પાઠ્યપુસ્તકો ઓનલાઈન ઉપલબ્ધ નહોતા. તેમણે એ પણ જણાવ્યું કે ઝમ્જીઈ સાથે લગભગ ૨૮.૮૩ લાખ વિદ્યાર્થીઓ જોડાયેલા છે.

### પેકેટના આગળના ભાગે લાલ ચેતવણી લેબલ

# ચિપ્સ, બિસ્કિટ અને સોફ્ટ ડ્રિંક માટે નવા નિયમની તૈયારી

ખાસ કરીને ચિપ્સ, નમકીન, બિસ્કિટ, કન્ફેક્શનરી અને ખાંડવાળા પીણાં જેવી કેટેગરીમાં ફ્રન્ટ-ઓફ-પેક માહિતી મહત્વપૂર્ણ બની શકે છે



નવી દિલ્હી,

પેકેટબંધ ચિપ્સ, બિસ્કિટ, નમકીન કે સોફ્ટ ડ્રિંક ખરીદતા પહેલાં હવે ગ્રાહકોને પેકેટના આગળના ભાગ પર જ મહત્વપૂર્ણ આરોગ્ય ચેતવણી જોવા મળી શકે છે. પેકેજ્ડ ફૂડમાં ખાંડ, ફેટ અને સોડિયમનું પ્રમાણ વધારે હોય તો તેને સરળતાથી ઓળખી શકાય તે માટે Food Safªy and Standards Autho®iy of India (FSSAI) દ્વારા ફ્રન્ટ-ઓફ-પેક ચેતવણી લેબલિંગને વધુ કડક બનાવવાની દરખાસ્ત પર વિચાર કરવામાં આવી રહ્યો છે.પ્રસ્તાવિત વ્યવસ્થા હેઠળ નક્કી કરાયેલા ધોરણ કરતાં વધુ ખાંડ, સેચ્યુરેટેડ ફેટ અથવા સોડિયમ ધરાવતા પેકેજ્ડ ખાદ્ય ઉત્પાદનો પર સ્પષ્ટ ચેતવણી દર્શાવવાની વ્યવસ્થા થઈ શકે છે. લાલ રંગના ષટ્કોણીય ચિહ્ન જેવા સરળતાથી દેખાય એવા લેબલનો હેતુ ગ્રાહકોને લાંબું ન્યૂટ્રિશન ટેબલ વાંચ્યા વિના પણ ઉત્પાદનના પોષક તત્વો અંગે ઝડપી સંકેત આપવાનો છે. આ પ્રકારની વ્યવસ્થામાં ગ્રાહકને ઉત્પાદન પસંદ કરતી વખતે વધુ સ્પષ્ટ માહિતી મળી શકે છે. ખાસ કરીને ચિપ્સ, નમકીન, બિસ્કિટ, કન્ફેક્શનરી અને ખાંડવાળા પીણાં જેવી કેટેગરીમાં ફ્રન્ટ-ઓફ-પેક માહિતી મહત્વપૂર્ણ બની શકે છે.

ફ્રન્ટ-ઓફ-પેક વોર્નિંગ લેબલિંગની પદ્ધતિનો ઉપયોગ કેનેડા સહિત કેટલાક દેશોમાં કરવામાં આવ્યો છે. કેનેડામાં ચોક્કસ પોષક તત્વોની ઊંચી માત્રા ધરાવતા પ્રી-પેકેજ્ડ ખાદ્ય ઉત્પાદનો પર આગળના ભાગે પોષણ સંબંધિત ચેતવણી દર્શાવવાની વ્યવસ્થા અમલમાં છે.

ભારતમાં પણ આવી વ્યવસ્થા લાવવાનો મુખ્ય હેતુ ગ્રાહકોને પેકેટની પાછળના જટિલ પોષણ કોષ્ટક પર સંપૂર્ણપણે નિર્ભર રહેવાને બદલે ખરીદીના સ્થળે સરળ અને ઝડપથી સમજાય તેવી માહિતી આપવાનો છે.

જો આવા નિયમો અમલમાં આવે છે, તો ફૂડ કંપનીઓ માટે પોતાના ઉત્પાદનોની રચનામાં ફેરફાર કરવાની પ્રેરણા ઊભી થઈ શકે છે. કંપનીઓ ખાંડ, સોડિયમ અને સેચ્યુરેટેડ ફેટનું પ્રમાણ ઘટાડીને ઉત્પાદનોને વધુ આરોગ્યપ્રદ બનાવવાનો પ્રયાસ કરી શકે છે.

જોકે, માત્ર ચેતવણી લેબલથી ડાયાબિટીસ, હૃદયરોગ અથવા હાઈ બ્લડ પ્રેશર જેવી બીમારીઓમાં ચોક્કસ કેટલો ઘટાડો થશે તે અંગે અસરને અલગથી માપવી પડશે. લેબલિંગ સાથે ગ્રાહક જાગૃતિ, સંતુલિત આહાર અને નિયમિત શારીરિક પ્રવૃત્તિ પણ મહત્વપૂર્ણ રહેશે. નવો નિયમ અમલમાં આવે તો ખરીદી કરતી વખતે ગ્રાહકોને પેકેટની આગળ જ મહત્વપૂર્ણ પોષણ સંબંધી માહિતી મળી શકે છે. ખાસ કરીને બાળકો માટેના ખાદ્ય ઉત્પાદનો પસંદ કરતા વાલીઓ માટે આવી સરળ ચેતવણી વ્યવસ્થા ઉપયોગી બની શકે છે. હાલમાં આ પ્રક્રિયા દરખાસ્ત અને નિયમનાત્મક વિચારણા સાથે જોડાયેલી છે. અંતિમ નિયમો, લેબલનું ચોક્કસ સ્વરૂપ અને કયા પોષક તત્વો માટે કઈ મર્યાદા લાગુ પડશે તે સત્તાવાર નિર્ણય બાદ સ્પષ્ટ થશે.

# બોરસદ માર્ગ પર બે બાઈક વચ્ચે ગોઝારો અકસ્માત

આણંદ,

આણંદ-બોરસદ માર્ગ પર આવેલ વાંસખીલીયા નજીક નિજાનંદ રિસોર્ટ પાસે મોડી રાત્રે બે બાઈક વચ્ચે ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માત એટલો ભયાનક હતો કે બંને બાઈકના કુરચેકુરચા ઉડી ગયા હતા. આ કરૂણ ઘટનામાં આણંદના નાપા વાંટા ગામના ૧૯ વર્ષીય અરમાન રાણા અને સમીર રાણા તેમજ બોરસદના અંસાર ઝુબેર બેલીમનું ઘટનાસ્થળે જ અકાળે મોત નિપજ્યા હતા. જ્યારે અન્ય ત્રણ યુવકો - નાપા વાંટાના તનવીર રાણા, બોરસદના અસલમખાન અને ઝુબેર કાઝી ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. ઈજાગ્રસ્તોને તાત્કાલિક ધોરણે સારવાર અર્થે કરમસદ મેડિકલ અને આણંદ જનરલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. આશાસ્પદ યુવકોના અકાળે મોતથી બોરસદ અને નાપા ગામમાં ભારે અરેરાટી સાથે શોકનો માહોલ છવાઈ ગયો છે. ઘટના અંગે આણંદ ગ્રામ્ય પોલીસે ગુનો નોંધીને આગળની તપાસ હાથ ધરી છે.

લીંબડી-રાજકોટ નેશનલ હાઈવે પર અકસ્માતોનો સિલસિલો યથાવત રહ્યો છે.

લીંબડીથી સાયલા તરફ જઈ રહેલા ડમ્પર પાછળ મોડેલ સ્કૂલ નજીક સુરતથી જામનગર જઈ રહેલું ખાલી ટેક્કર ઘૂસી જતાં સર્જાયેલા ગંભીર અકસ્માતમાં ત્રણ લોકો ઈજાગ્રસ્ત થયા છે. આ અકસ્માતમાં ડમ્પર ચાલક જીજ્ઞેશ રબારી, તેમનો ભાણો કુલદીપ તથા ટેન્કર ચાલક ઝુલ્ફીકાન્ત ઈજાગ્રસ્ત થયા છે. અકસ્માતની જાણ થતાં જ ઘટનાસ્થળે પહોંચેલી બે ૧૦૮ એમ્બ્યુલન્સની ટીમે, જેમાં પાયલોટ એચ.એસ. રાણા, ઈએમટી અશ્વિનસિંહ તેમજ પાયલોટ રાજેન્દ્રસિંહ અને ઈએમટી વસંતીબેન સામેલ હતા, તમામ ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર અર્થે લીંબડી સિવિલ હોસ્પિટલ ખસેડ્યા હતા. જોકે, બંને વાહનોના ચાલકોને વધુ ગંભીર ઈજાઓ પહોંચી હોવાથી પ્રાથમિક સારવાર બાદ તેમને સુરેન્દ્રનગર ખાતે રીફર કરવામાં આવ્યા છે.

### છૂટક ભાવ અને મૂળ કિંમત વચ્ચે આભ-જમીનનો તફાવત

# ફાર્મા કંપનીઓની ઉઘાડી લૂંટ મુદ્દે સુપ્રીમ કોર્ટનો સરકારને સવાલ

## ખાસ કરીને દવા વિક્રેતાને મળતી મૂળ કિંમત અને દર્દીઓ પાસેથી વસૂલાતી છૂટક કિંમત વચ્ચેના તોતિંગ તફાવત પર અદાલતે આકરા સવાલો પૂછ્યા છે




નવી દિલ્હ

કેન્સરની દવાઓ જીવન બચાવવા માટે અત્યંત જરૂરી હોવા છતાં તેની અસહ્ય કિંમતોને લઈને સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકાર સામે ભારે નારાજગી વ્યક્ત કરી છે. ખાસ કરીને દવા વિક્રેતાને મળતી મૂળ કિંમત અને દર્દીઓ પાસેથી વસૂલાતી છૂટક કિંમત વચ્ચેના તોતિંગ તફાવત પર અદાલતે આકરા સવાલો પૂછ્યા છે. સર્વોચ્ચ અદાલતે સ્પષ્ટ શબ્દોમાં પૂછ્યું છે કે દર્દીઓ માટે અત્યંત આવશ્યક ગણાતી આવી દવાઓને ભાવ નિયંત્રણના દાયરામાંથી બહાર શા માટે રાખવામાં આવી છે.

સુનાવણી દરમિયાન જસ્ટિસ સંદીપ મહેતાએ એક ચોંકાવનારું ઉદાહરણ આપતાં જણાવ્યું કે કેન્સરની જે દવાની છાપેલી કિંમત એટલે કu MRP ૨૭,૦૦૦ રૂપિયા છે, તે જ દવા વિક્રેતાને માત્ર ૩૦૦૦ રૂપિયાની આસપાસ મળે છે. કોર્ટે સરકારને આ તોતિંગ તફાવત તરફ ધ્યાન દોરતા પૂછ્યું કે, દવાઓના ભાવ નક્કી કરવાની સિસ્ટમમાં આ પ્રકારની ગંભીર વિસંગતતા શા માટે ચલાવી લેવામાં આવી રહી છે. બેન્ચે ટકોર કરી હતી કે ખાનગી કોર્પોરેટ હોસ્પિટલો સામાન્ય રીતે દર્દીઓને પોતાની અંદર આવેલી ફાર્મસીમાંથી જ દવા ખરીદવા માટે દબાણ કરે છે. આ ઉપરાંત અદાલતે સરકારી યોજનાઓ હેઠળ થતી સારવાર અંગે પણ સવાલ ઉઠાવ્યો હતો કે જ્યારે કોઈ દર્દી સરકારી યોજના હેઠળ સારવાર મેળવે છે ત્યારે આટલી મોંઘી દવાઓનું બિલ અંતે કોણ ચૂકવે છે. અદાલતે પોતે જ જવાબ આપતા કહ્યું કે આ નાણાં દેશના સામાન્ય કરદાતાઓના ખિસ્સામાંથી જાય છે.

અદાલતે એવો વેધક પ્રશ્ન પણ કર્યો કે ડ્રગ્સ પ્રાઈસ કંટ્રોલ ઓર્ડર એટલે કે DPCO હેઠળ દવાઓને જરૂરી અને બિન-જરૂરી એવા ભાગોમાં શા માટે વહેંચવામાં આવી છે. કાયદા મુજબ દરેક દવા અને મેડિકલ સાધન આવશ્યક ચીજવસ્તુઓના દાયરામાં આવે છે, તો પછી તેમને ભાવ નિયંત્રણ વ્યવસ્થાથી અલગ કેમ રાખી શકાય. પીઠે પૂછ્યું કે સમગ્ર વ્યવસ્થામાં ૧૬% નો એક સમાન માપદંડ કેમ નક્કી ન કરી શકાય અને તેનાથી વધુ નફો લેવાની છૂટ કેમ હોવી જોઈએ.

કેન્દ્ર સરકાર તરફથી હાજર રહેલા સોલિસિટર જનરલ તુષાર મહેતાએ સ્વીકાર્યું હતું કે આ ગંભીર સમસ્યાનો યોગ્ય ઉકેલ શોધવો પડશે. તેમણે સ્પષ્ટ કર્યું કે અરજદારની ચિંતા ખોટી નથી, પરંતુ તમામ પક્ષોના હિતોનું સંતુલન જળવાય તેવો માર્ગ કાઢવો પડશે. તેમની સમજ અનુસાર આ વ્યવસ્થાથી માત્ર ફાર્મા કંપનીઓ જ નફો કમાઈ રહી છે તેવું નથી. આ સમગ્ર કેસની વધુ સુનાવણી હવે ૧૨ ઓક્ટોબરના રોજ નક્કી કરવામાં આવી છે.આ જ સંદર્ભમાં કેરળ હાઈકોર્ટે પણ એક અત્યંત મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે. આ કેસ કેન્સરથી પીડિત એક મહિલા દર્દીની અરજી પર આધારિત હતો, જેમણે અતિશય મોંઘી દવાઓ સામે ન્યાય માંગ્યો હતો. અફસોસની વાત એ રહી કે આ અરજી પર અંતિમ સુનાવણી પૂર્ણ થાય તે પહેલાં જ સારવારના અભાવે તે પીડિતાનું દુઃખદ અવસાન થઈ ગયું હતું. કેરળ હાઈકોર્ટે પોતાના આદેશમાં સ્પષ્ટ કર્યું કે ભારતીય પેટન્ટ કાયદા હેઠળ કેન્દ્ર સરકાર પાસે એવી સત્તાઓ રહેલી છે કે જેનાથી તે જીવનરક્ષક દવાઓ પોતે તૈયાર કરાવી શકે. અદાલતે ટાંક્યું કે સરકાર આવી જીવનરક્ષક દવાઓનું ઉત્પાદન કરાવીને કોઈપણ નફા વગર સામાન્ય લોકોને સીધી વેચી શકે છે, જેથી ગરીબ અને મધ્યમ વર્ગના ગંભીર દર્દીઓ માટે સારવારનો ખર્ચ પરવડી શકે તેવો બની રહે.

### દાગીના-રોકડ મળી રૂ. ૫.૬૪ લાખની મતા ચોરાઈ

# અમદાવાદના મોટેરામાં NRIના બંધ બંગલોમાં તસ્કરો ત્રાટક્યા

## સોના-ચાંદીના દાગીના, રોકડ, લેપટોપ, આઈપેડ સહિતનો મુદ્દામાલ લઈ ફરાર થઈ ગયા હતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે

અમદાવાદ

અમદાવાદના મોટેરા વિસ્તારમાં દેવપ્રિયા-૨ સોસાયટીના બંધ બંગલાને નિશાન બનાવી તસ્કરોએ ૫.૬૪ લાખની ચોરી કરી છે. માતા-પિતાની સારવાર અર્થે પરિવાર ગાંધીનગર ગયો હતો તે દરમિયાન ૨૦ થી ૨૯ સપ્ટેમ્બર વચ્ચે આ ઘટના બની હતી. સ્કૂલ સંચાલક કેતનભાઈ નાણાવટીએ ફરિયાદ નોંધાવી છે. તસ્કરો બારીના સળિયા તોડી ઘરમાં પ્રવેશ્યા અને સોના-ચાંદીના દાગીના, રોકડ, લેપટોપ, આઈપેડ સહિતનો મુદ્દામાલ લઈ ફરાર થઈ ગયા હતા. પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. અમદાવાદ શહેરના મોટેરા વિસ્તારમાં આવેલા દેવપ્રિયા-૨ સોસાયટીના એક બંધ બંગલાને નિશાન બનાવી તસ્કરો બારીના સળિયા તોડી અંદર પ્રવેશ્યા હતા અને બંને માળની તિજોરી-કબાટના લોક તોડી સોના-ચાંદીના દાગીના, રોકડ, લેપટોપ, આઈપેડ તેમજ કપડાં ભરેલી બેગ સહિત કુલ રૂ. ૫.૬૪ લાખ ના મુદ્દામાલની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. માતા-પિતાની તબિયત ખરાબ હોવાથી પરિવાર ગાંધીનગર સારવાર અર્થે ગયો હતો તે દરમિયાન ૨૦થી ૨૯ સપ્ટેમ્બર વચ્ચે આ ચોરીની ઘટના બની હતી. ગાંધીનગર ખાતે રહેતા અને સ્કૂલ સંચાલક ૫૩ વર્ષીય કેતનભાઈ રમેશચન્દ્ર નાણાવટીએ નોંધાવેલી ફરિયાદ મુજબ, મોટેરા સ્થિત દેવપ્રિયા-૨ ખાતે આવેલો બંગલા નંબર ૩ તેમની બહેન રાજુલબેનનો છે. માતા-પિતાની સારવાર ચાલતી હોવાથી તેઓ કેતનભાઈ સાથે ગાંધીનગર રહેવા ગયા હતા, જેથી મોટેરાનું મકાન બંધ હતું.

ગત ૨૦ સપ્ટેમ્બરથી ૨૯ સપ્ટેમ્બર દરમિયાન અજાણ્યા તસ્કરોએ ઘરની ગેલેરીનો ઝાંપો તોડી, બારીના સળિયા વળાંક આપી/તોડી અને મચ્છરજાળી કાપીને ઘરમાં પ્રવેશ કર્યો હતો. ઘર સાફ કરવા નિયમિત આવતા મહિલાની દીકરી જ્યારે સફાઈ માટે પહોંચી ત્યારે તેણે ગેલેરીનો દરવાજો અને બારી તૂટેલી જોઈ હતી. તેણે તાત્કાલિક કેતનભાઈને ટેલિફોનિક જાણ કરી હતી. પરિવારે તાબડતોબ મોટેરા પહોંચી તપાસ કરતા ઘરની અંદર સામાન વેરવિખેર હાલતમાં મળ્યો હતો અને ચોરી થઈ હોવાની પુષ્ટિ થઈ હતી. તસ્કરોએ પહેલા નીચેના માળના બેડરૂમમાં પ્રવેશી તિજોરીનું લોક તોડી સોના-ચાંદીના દાગીના તેમજ રૂ. ૪૮,૭૦૦ રોકડા મળી કુલ રૂ.૧.૯૮ લાખ ની મતા ચોરી હતી.

ત્યારબાદ ઉપરના માળના બેડરૂમમાં મુકેલા બ્રાઉન કલરના લાકડાના કબાટનું લોક તોડી તેમાંથી સોનાના દાગીના, લેપટોપ, આઈપેડ, રૂ. ૨૫ હજાર રોકડા તેમજ રૂ.૧૦ હજારના ૧૦ ડ્રેસ ભરેલી લગેજ બેગ સહિત રૂ. ૩.૬૫ લાખનો સામાન ચોરી લીધો હતો. બંને માળ મળીને કુલ રૂ. ૫.૬૪ લાખની મતાની ચોરી થયાની જાણ થતા આ મામલે પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

### મુદ્દામાલ અને દારૂનું પેકિંગ મટીરીયલ જપ્ત

# ઠક્કરનગરમાં મોંઘી બોટલોમાં સસ્તો દારૂ ભરવાની મીની ફેક્ટરી ઝડપાઈ

## દરોડામાં દારૂની બોટલો, ડુપ્લિકેટ સ્ટીકરો અને ઢાંકણા સહિત રૂ.૧.૪૦ લાખનો મુદ્દામાલ જપ્ત થયો છે

અમદાવાદ,

અમદાવાદ શહેરના ઠક્કરનગર વિસ્તારમાં વિદેશી દારૂ બનાવવાની અને પેકિંગ કરવાની ગેરકાયદેસર મીની ફેક્ટરી પર પોલીસે દરોડો પાડીને મોટો પર્દાફાશ કર્યો છે. ઝોન-૫ LCB અને કૃષ્ણનગર પોલીસની સંયુક્ત ટીમે બાતમીના આધારે ઠક્કરનગરમાં હરિઓમ સાયકલ સામેની એક ગલીમાં આવેલા મકાનના બીજા માળે ભાડે રાખેલા મકાનમાં દરોડો પાડ્યો હતો. આ સ્થળે બુટલેગરો મોંઘી દાટ બ્રાન્ડની દારૂની ખાલી બોટલોમાં સસ્તા દરનો દારૂ ભરીને ગ્રાહકોને ઊંચા ભાવે વેચવાનું કૌભાંડ ચલાવી રહ્યા હતા.

પોલીસે પાડેલા દરોડા દરમિયાન સ્થળ પરથી વિદેશી દારૂની બોટલો, વિવિધ મોંઘી બ્રાન્ડના ડુપ્લીકેટ સ્ટીકરો તેમજ બોટલો પર લગાવવાના ઢાંકણા સહિત કુલ રૂ.૧,૪૦,૦૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો છે. પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે બુટલેગરો છેલ્લા બે મહિનાથી આ ભાડાના મકાનમાં ગેરકાયદેસર રીતે દારૂની મીની ફેક્ટરી ધમધમાવી રહ્યા હતા અને લોકો સાથે છેતરપિંડી કરીને બનાવટી દારૂ વેચી રહ્યા હતા. દરોડા દરમિયાન પોલીસે સ્થળ પરથી મુખ્ય બુટલેગર હેમલ ઉર્ફે હેમુ વાઘેલાની ધરપકડ કરી છે. આ ગુનામાં સંકળાયેલા અન્ય બે આરોપીઓ પોલીસને જોઈને ફરાર થઈ ગયા હોય, પોલીસે તેમને વોન્ટેડ જાહેર કરીને તેમની શોધખોળ હાથ ધરી છે. કૃષ્ણનગર પોલીસે આ મામલે ગુનો નોંધીને પકડાયેલા આરોપીની વધુ પૂછપરછ શરૂ કરી છે.

# અમદાવાદ નવરાત્રિ ૨૦૨૬: ગરબા ગ્રાઉન્ડ પર AI કેમેરા અને ફેસ રિકોગ્નિશનથી રખાશે નજર, સંકલન બેઠકમાં ૪ મોટા નિર્ણય

અમદાવાદમાં આગામી નવરાત્રિ માટે પોલીસ, આયોજકો અને ફાયર વિભાગની બેઠક યોજાઈ. ખેલૈયાઓની સુરક્ષા માટે આ વર્ષે ગરબા ગ્રાઉન્ડમાં AI થી ક્ષમતાનું નિરીક્ષણ થશે. ફેસ રિકોગ્નિશન કેમેરાથી ઉપદ્રવી તત્ત્વો પર નજર રખાશે. SHE ટીમ મહિલા સુરક્ષા માટે તહેનાત રહેશે. આયોજકો NOC અને લાયસન્સ સમયસર મેળવવા સૂચના અપાઈ. ટ્રાફિક નિયમન માટે પણ પોલીસ ખડેપગે રહેશે. અમદાવાદ શહેરમાં આગામી નવરાત્રિ મહોત્સવ શાંતિપૂર્ણ માહોલમાં ઉજવાય અને ખેલૈયાઓની સુરક્ષા જળવાઈ રહે તે હેતુથી અમદાવાદ શહેર પોલીસ, ગરબા આયોજકો અને ફાયર વિભાગ વચ્ચે એક સંકલન બેઠક યોજાઈ હતી. આ



વર્ષે ગરબા સ્થળો પર નાસભાગ અટકાવવા માટે ગ્રાઉન્ડ ક્ષમતા પર આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) આધારિત ટેકનોલોજીથી નજર રાખવામાં આવશે તેમજ ભૂતકાળમાં નવરાત્રિ દરમિયાન ઉપદ્રવ મચાવનાર તત્ત્વોને ઝડપી પાડવા ફેસ રિકોગ્નિશન કેમેરાનો ઉપયોગ કરાશે.

અમદાવાદ પોલીસ કમિશનરે જણાવ્યું હતું કે- શહેરમાં પાર્ટી પ્લોટ, ક્લબ, બંધ હોલ તેમજ કામચલાઉ સ્ટ્રક્ચર્સમાં હજારો-લાખોની સંખ્યામાં લોકો ગરબે રમવા ઊમટી પડે છે. આથી આયોજકો સમયસર મંજૂરી અને લાયસન્સ મેળવી લે તે અંગે સૂચના આપવામાં આવી છે. આયોજકોને મુશ્કેલી ન પડે તે માટે સ્થાનિક પોલીસ સ્ટેશનના અધિકારીઓને સંકલન સાધીને ઝડપથી ફાયર NOC, સ્ટ્રક્ચરલ સ્ટેબિલિટી NOC તેમજ ઈલેક્ટ્રિક ડિપાર્ટમેન્ટનું વાયરિંગ અને કરંટ લિકેજ ચેકિંગ પૂરું કરાવવા તાકીદ કરવામાં આવી છે.

**'SHE ટીમ' અસામાજિક તત્ત્વો પર રાખશે વોચ**

તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, મહિલાઓ અને યુવતીઓની સુરક્ષા પોલીસ માટે પ્રાથમિકતા છે. ગરબા સ્થળો અને તેની આસપાસ છેડતીના બનાવો અટકાવવા માટે અમદાવાદ પોલીસની 'SHE ટીમ' ખાસ તહેનાત રહેશે. આ ઉપરાંત, મોડી રાત્રે ગરબા પૂર્ણ થયા બાદ લાખો લોકો એકસાથે રસ્તા પર નીકળતા હોવાથી ટ્રાફિક જામ, ઓવર સ્પીડિંગ કે જીવલેણ માર્ગ અકસ્માત ન સર્જાય તે માટે સ્થાનિક પોલીસ અને ટ્રાફિક પોલીસ રસ્તાઓ પર હાજર રહેશે. જ્યાં સુધી તમામ નાગરિકો સુરક્ષિત રીતે પોતપોતાના ઘરે ન પહોંચે ત્યાં સુધી પોલીસ સતત પેટ્રોલિંગ કરશે. જો કોઈ ગરબા ગ્રાઉન્ડમાં ક્ષમતા કરતાં વધુ લોકો પ્રવેશશે, તો છેં આધારિત કેમેરા તાત્કાલિક ચેતવણી આપશે, જેથી પ્રવેશ બંધ કરી નાસભાગ જેવી સ્થિતિ ટાળી શકાશે. ભૂતકાળમાં અડપલાં કે વિક્ષેપ ઊભો કરનારા અસામાજિક તત્ત્વોના ફોટા ફેસ રિકોગ્નિશન ડેટાબેઝમાં અપલોડ કરી ગરબા પંડાલમાં તેમની હિલચાલ પર નજર રખાશે.

Published and Owned by **SATHWARA HITESH** and Printed by : **Hiteshbhai Panchal** and Printed at : **Shree Ganesh Offset,** A/6, Shubh Labh Estate, Near Mayur Soap Factory, Tavdipura, Dudheshwar, Ahmedabad-380004 and Published from 99 Mahadev Vas-2, Near Shark Market, Nava Badaj, Naranpura Bistar, Ahmedabad, Gujarat-380013. **EDITOR : SATHWARA HITESH**